શ્રી પ્રભાવક જિનવાણી

વિ.સં. ૨૦૭૧ • વર્ષ – ૧૫, અંક–૭

મૂલ્ય છૂટક નકલ રૂા. ૪/–

ફેબ્રુઆરી – ૨૦૧૫

❋ પ્રવચનકાર ❋

સકલાગમ રહસ્યવેદી, પરમ ગીતાર્થ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટધરરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ પરમ શાસન પ્રભાવક સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

: સંપાદકીય :

શ્રી પ્રભાવક - જિનવાણી મુખપત્ર બંધ થાય છે :

हमने ये सोचकर तलवार उठा ली है कि -
जुल्म सहना भी तो जालिम की तरफदारी है

(દેવર્ધિ)

દીક્ષાયુગ પ્રવર્તક, તપાગચ્છાધિરાજ પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** માટે આજની આ ક્ષણે બે પંક્તિઓ યાદ આવે છે –

જીંદગીભર એ જ વ્યક્તિની કમી નડતી રહે છે
જે નજરથી દૂર છે પણ શ્વાસને અડતી રહે છે.

પાછલા એકસો વરસનો ઈતિહાસ જોઈએ છીએ તો એમનું યોગદાન કેટલું મોટું છે તેનું મૂલ્યાંકન કરવું વધુ ને વધુ કઠિન લાગતું જાય છે. વિક્રમ સંવત્‌ની વીસમી સદીનો ઉત્તરાર્ધ તેમ જ એકવીસમી સદીનો પૂર્વાર્ધ તેમનો ઐતિહાસિક કાર્યકાળ છે. તે દરમ્યાન તેમણે જે જે પ્રશ્નો પર કામ કર્યું, જે જે વિષયોનું સ્પષ્ટીકરણ કર્યું અને જે જે

માનદ્ સંપાદક : શાહ દિલીપ હરગોવિંદદાસ ઘીવાળા,
કાર્યાલય : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૨/૫૯, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
E-mail: jinwani@yahoo.co.in/shreeprabhavakjinwani@gmail.com - 2386 6824

કેડીઓ કંડારી તેમ જ જે જે અવરૂદ્ધ માર્ગોનું પુનઃઉદ્ઘાટન કર્યું, તેનો દસ્તાવેજ તો વિદ્વાનો અને સારસ્વતો જ આલેખી શકે. અમે તો કેવળ તેમનાં વ્યાખ્યાનોને અમારી શક્તિ અનુસાર પ્રકાશિત કરતા આવ્યા છીએ.

દરેક કાર્ય ક્યાંક અટકે છે, ક્યારેક વિરામ લે છે. હજારો ગુરુભક્તોને શુદ્ધ શાસ્ત્રીય સદ્વાંચન પૂરું પાડવાનો લાભ અમોને મળતો રહ્યો તે અમારું સૌભાગ્ય. એમ લાગે છે કે નજીકના સમયમાં હવે – પ્રભાવક જિનવાણીનું પ્રકાશન વિરામ લેશે. આ આગોતરી જાહેરાત છે.

વિ. સં. ૧૯૮૫-૮૬ માં 'જૈન પ્રવચન'નો પ્રારંભ થયો.

વિ. સં. ૨૦૩૦ માં 'જૈન પ્રવચન' બંધ થયું.

વિ. સં. ૨૦૩૧ માં 'જિનવાણી' શરૂ થયું.

વિ. સં. ૨૦૫૬ માં 'પ્રભાવક જિનવાણી' - આ નામ સાથે કડી જોડાઈ.

વિ. સં. ૨૦૭૧ની સાલમાં પ્રભાવક જિનવાણી વિરામ લે, તેની સંભાવના છે.

શ્રી જૈનશાસન માટે જેટલી સેવાઓ કરીએ તેટલી ઓછી છે. આજે, ન વાંચવા લાયક સામગ્રી, થોકબંધ વંચાતી આવે છે. કેમકે, એવી સામગ્રી નવા નવા રંગરૂપમાં છપાતી જ જાય છે. એના ઘોંઘાટમાં ઉત્તમ અવાજ દબાય નહીં, તે સમયની માંગ હોય છે. ઊંચા ઉપદેશદાતાઓનું અવતરણ થાય છે અને ઉત્તમ તત્ત્વનું લોકવ્યાપી બળ, સુદૃઢ બનવા લાગે છે. મકાનમાં સાફસૂફી ન રાખો તો ધૂળ આપોઆપ ભેગી થવા માંડે છે. ધૂળ ભરાય તે માટે મહેનત નથી કરવી પડતી. ધૂળની સાફસૂફી માટે મહેનત કરવી પડે છે. અમો આ મુખપત્રનાં પાનાઓ પર મોક્ષમાર્ગ અને જિનાજ્ઞાનુસારિતા જેવા શ્રેષ્ઠ આદર્શોને જીવંત રાખવાની કોશિશ કરી અને કરતા રહ્યા. જો એમાં ક્યાંક કશે સફળતા મળી તો એ ઉપકાર છે, **પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો,** તેમનાં વચનો જ અમારું બળ બન્યાં. તેમનું પુણ્ય જ અમારી પાસે કાંઈક સત્કાર્ય કરાવી શક્યું. જો – ક્યાંક કશુંક અધૂરું રહ્યું તો તે અમારું અસામર્થ્ય હતું. વરસોનાં વરસો સુધી જે વ્યાખ્યાનો સાથે અમારું અને આપ સૌનું જોડાણ રહ્યું, તે વ્યાખ્યાનો – પાંચસોથી વધુ પુસ્તકોરૂપે અનેક સંસ્થાઓ દ્વારા પ્રકાશિત થઈ ચૂક્યા છે. આજની તારીખે ઘણાબધા માસિકો અને મુખપત્રોમાં – આ વ્યાખ્યાનોના અંશો નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા છે. વ્યાખ્યાનોનો આ ફેલાવો જોઈને હૃદય ગદ્‌ગદિત થાય છે. વ્યાખ્યાનનાં પ્રાગટ્યનો પ્રથમ સ્રોત પહેલાં **'જૈન પ્રવચન'** અને પછી **'જિનવાણી'** – બન્યું તે જોઈને, અહોભાગ્ય અને અહોભાવની અનુભૂતિ થાય છે.

દ્વાદશાંગી અર્થ રૂપે શાશ્વત છે, સૂત્ર રૂપે અશાશ્વત. જ્યાં જ્યારે ધર્મતીર્થની સ્થાપના થાય છે ત્યારે ત્યારે સૂત્ર રૂપે દ્વાદશાંગીનું નવનિર્માણ થાય છે અને એમાં અર્થ રૂપે શાશ્વત એવી દ્વાદશાંગી પલ્લવિત થાય છે. અનાદિ અનંત સંસારમાં યોગ્ય આત્માઓને પરમાત્મ અવસ્થા સુધી પહોંચાડવામાં આ દ્વાદશાંગી અને દ્વાદશાંગી આધારિત સાહિત્યનું જ યોગદાન હોય છે. **'જિનવાણી'** અને **'પ્રભાવક જિનવાણી'** આ દ્વાદશાંગીની સંપૂર્ણ અર્થછાયામાં રહ્યું તેનો અમોને અપરિસીમ આનંદ છે. અસ્તુ.

દીક્ષાયુગ પ્રવર્તક : ઉતરાર્ધ

(૨૨)

દીક્ષા વિરોધનું વિશ્લેષણ :

દીક્ષા લેનાર દીક્ષા લેવા તૈયાર હોય અને દીક્ષા આપનાર દીક્ષા આપવા તૈયાર હોય તો ત્રીજી વ્યક્તિ વચ્ચે આવી શકતી નથી. દીક્ષા લેનાર, દીક્ષા લેવા માટે યોગ્ય છે કે નહીં? આ પહેલો પ્રશ્ન હોઈ શકે છે. દીક્ષા આપનાર, દીક્ષા આપવામાં ઉતાવળ તો નથી કરી રહ્યા! આ બીજો પ્રશ્ન પણ હોઈ શકે છે. દીક્ષા લેવાની કે આપવાની પરંપરા યોગ્ય છે કે નહીં, આ ચર્ચા કરવાની આવશ્યકતા હોતી નથી. મજાની વાત એ છે કે જે દીક્ષાની અનુમોદના કરે છે તે એમ સમજતો હોય છે કે મારામાં દીક્ષા લેવાની શક્તિ નથી અને દીક્ષાનો વિરોધ કરનાર પણ એમ સમજતો હોય છે કે મારામાં દીક્ષા લેવાની શક્તિ નથી. અનુમોદના કરનાર વ્યક્તિ, મુમુક્ષુની દીક્ષાગ્રહણની ભાવનાનો સ્વીકાર કરે છે. વિરોધ કરનાર વ્યક્તિ, મુમુક્ષુની દીક્ષાગ્રહણની ભાવનાનો સ્વીકાર કરી શકતી નથી. આ ફરક હોય છે.

દીક્ષા લેનારનો પરિવાર, દીક્ષાર્થી માટે અત્યંત મમતા રાખતો હોય છે. દીક્ષાર્થી પોતાની મમતાનો ત્યાગ કરી દે છે એનો અર્થ એ નથી કે દીક્ષાર્થીનો પરિવાર મમતાનો પરિત્યાગ કરી દે. એ પરિવારની મમતા એક સાથે બે ધારામાં વહેતી હોય છે. એ પરિવાર, દીક્ષાર્થીની શુભભાવના સાકાર થાય તેમાં પોતાના પ્રેમની સંતુષ્ટિ અનુભવતો હોય છે. એ પરિવાર, પોતાના વહાલસોયા સ્વજન વિના રહેવાનું આવશે તેવી કલ્પનાથી દુઃખી પણ હોય છે. દીક્ષા આપનાર, એ પરિવારની બેય ધારાની માવજત લે છે.

દીક્ષાનો વિરોધ કરનાર, જો પરિવારની વ્યક્તિ હોય તો એની મમતા જ એને વિરોધ કરવા પ્રેરે છે, એ સમજી શકાય છે. દીક્ષાનો વિરોધ કરનાર જો, પરિવારની વ્યક્તિ ન હોય તો? તો એને દીક્ષા સામે કોઈ પૂર્વગ્રહ છે એ સમજી શકાતું હોય છે. એ પૂર્વગ્રહનાં કારણો કોઈ પણ હોઈ શકે છે અને એ પૂર્વગ્રહની અભિવ્યક્તિના પ્રકાર પણ અલગ અલગ હોઈ શકે છે. પૂર્વગ્રહનો અર્થ છે એક 'અધૂરો વિચાર'.

જ્યાં સુધી એ વિચાર અધૂરો રહે છે ત્યાં સુધી એના તરફથી લડાઈ ચાલુ રહે છે. જેને પોતાનો વિચાર અધૂરો છે તેવું લાગતું જ નથી તે ઝનૂનથી વિરોધ કરે છે. દીક્ષાનું સમર્થન કરનાર, એના વિરોધનો જવાબ આપવાને બદલે, એના પૂર્વગ્રહને મીટાવવાની કોશિશ કરે છે.

શ્રી રામવિજયજી મ. ને આ પૂર્વગ્રહની સામે બોલવાનું આવ્યું હતું. તેઓ બોલ્યા પણ ખરા. તેમણે જ્યારે, જે કહ્યું તેની ભૂમિકા સ્પષ્ટ હતી. તેઓ એવી જ ભાષા વાપરતા જેમાં વિચારની આપ-લે જોવા મળતી હોય. તેમણે ક્યારેય આક્ષેપની ભાષાનો ઉપયોગ ન કર્યો. તેમની પર આક્ષેપ થયા, જરૂર. એ આક્ષેપોમાંથી તેઓ કામનો મુદ્દો શોધી લેતા અને પછી એ મુદ્દા પર જ બોલીને, પોતાની આગવી જબાનમાં સ્પષ્ટીકરણ આપતા તેઓ.

સાધુ, સંઘની વચ્ચે રહે છે. આખો સમાજ સાધુને જોતો હોય અને યથાસમય સાંભળતો હોય છે. સાધુ માટે સારું બોલનારો વર્ગ તો કાયમ હોય છે જ. કઠિનાઈ એ છે કે સાધુ, મોટે ભાગે જવાબ આપવા માટે સક્ષમ હોય છે છતાં

અમુક લોકો સાધુને મળતા નથી અને સાધુ માટે કે સાધુનાં નામે, ફાવે તેમ બોલતા રહે છે. સાધુએ આવા લોકોને જવાબ આપવા માટે દીક્ષા લીધી નથી. સાધુએ પોતાનું કલ્યાણ સાધવા સંયમ સ્વીકાર્યું છે. વ્યક્તિગત બાબતો માટે કોઈ કાંઈ બોલતું હોય તો તેને રોકવાનું શક્ય હોતું નથી. તેવી વાતને લઈને પોતાનો જીવ બાળવાનું પાલવે પણ નહીં. કામ વિનાની વાતો સાંભળવાની પણ ન હોય અને વિચારવાની પણ ન હોય.

શ્રી રામવિજયજી મ. ને શાસ્ત્રીય પદાર્થોનું ચિંતન કરવામાં સાર્થકતાનો અનુભવ થતો. આવશ્યક ક્રિયાઓમાં એકાગ્રભાવે જોડાઈને તેઓ પૂર્ણ તત્ત્વ સાથે આત્માનુસંધાન રચતા. વ્યાખ્યાન આપવાનો સમય, લોકોને પ્રભાવિત કરવા માટે નહોતો. એ સમયે, શ્રોતાઓને પરમ આત્મતત્ત્વની વિચારણા કરવામાં સહયોગી બનવાની ભૂમિકાપૂર્વક, નિજી સ્વ-અધ્યાય ચાલતો. ચાલતા ચાલતા રસ્તો ખૂલે તેમ બોલતા બોલતા જે મુદ્દા સૂઝે તે જિનવચનનો જાદુ હતો. પોતાની વક્તૃત્વકળાને દેખાડવા માટે બોલતા હોય તેવું, **શ્રી રામવિજયજી મ.** નાં વ્યાખ્યાનમાં ક્યારેય ન અનુભવાતું. તેઓ આત્મીયસંવાદ સ્થાપિત કરવા બોલતા.

તેમનું તેજ તેમની સાહજીકતામાં હતું. તેમના ગુરુજનોએ તેમને પાટે બેસાડ્યા માટે તેઓ બેઠા, તેમના ગુરુજનોએ તેમને નૂતનદીક્ષિતોના ગુરુ જાહેર કર્યા માટે તેમણે શિષ્યો સ્વીકાર્યા. બાકી તેમને ન તો વ્યાખ્યાન આપવું હતું, ન તો શિષ્યપરિવાર વધારવો હતો. તેઓ પોતાની મસ્તીમાં જીવતા હતા. આમ જનતાને આ સમજાતું નહીં. એમને તો પાટ પર બેસીને મેઘગર્જના જેવી દેશના આપતા **શ્રી રામવિજયજી મ.** દેખાતા, તો એવું માની લેવાતું કે તેમને વ્યાખ્યાન આપવામાં રસ છે. એમના શિષ્યોની સંખ્યા વધતી ગઈ તેમ, દૃશ્ય એવું બનતું ગયું કે તેઓ સૌને પોતાની પાસે દીક્ષા આપવા માંગે છે, આ જ કારણસર તેઓ વ્યાખ્યાનમાં દીક્ષા પર ભાર આપે છે. તેમના વિરોધની એક શરૂઆત અહીંથી થઈ.

આ વિરોધ જેમણે કર્યો તેઓ ગાંધીવાદી હતા અથવા સુધારાવાદી હતા. ગાંધીવાદીને સ્વરાજ્ય, ખાદી અને ગાંધી કથિત નીતિનિયમો સિવાયનું બધું વ્યર્થ લાગતું. હજારો લોકોને ભેગા કરી શકે તેવી વક્તૃત્વકળાનો ઉપયોગ. **આત્મા-દીક્ષા-મોક્ષ** જેવી અદૃશ્ય લાભની બાબતો માટે થાય તે એમને રૂચતું નહીં. તેઓ મોટી સભામાં સ્વરાજ્ય આંદોલન અને તેની સાથે ગાંધીની વાતો રજૂ થાય તેવું ઈચ્છતા. એમની ધારણા મુજબની રજૂઆત સાંભળવા મળે તો તેઓ રાજી થાય તેવું હતું. **શ્રી રામવિજયજી મ.** એમને એમની ધારણા મુજબનો અવસર આપતા નહીં, તો એમને ખોટું લાગી જતું. તેઓ પછી **શ્રી રામવિજયજી મ.** માટે જાતજાતનો અપપ્રચાર કરતા. અંગ્રેજોની વિચારસરણીને સમર્પિત થઈ ચૂકેલો એકવર્ગ તો વળી, ધર્મને અંધશ્રદ્ધા માનતો અને તે રીતે ધર્મની પ્રવૃત્તિઓને અજ્ઞાનમૂલક જાહેર કરતો. આ બિરાદરોને દીક્ષા જેવી પ્રવૃત્તિ તો કેવી રીતે હજમ થાય ? તેઓ પણ જાત જાતની બબાલ મચાવતા.

શ્રી રામવિજયજી મ. સો-દોઢસો જેટલા જ શ્રોતાઓને ભેગા કરીને બોલતા હોત તો તેઓ શું બોલે છે તેની નોંધ આવા લોકો લેત નહીં. ખાસિયત એ હતી કે **શ્રી રામવિજયજી મ.** ની સભામાં એક હજારથી દસહજાર માણસ તો સહેજેસહેજે ભેગું જઈ જતું. એમની સમક્ષ તદ્દન આધ્યાત્મિક કક્ષાની વાત તેઓ રજૂ કરતા. તેમની વાતો બૌદ્ધિક લોકોને અભિભૂત કરી દેતી અને શ્રદ્ધાવાન જનોને તરબોળ બનાવી દેતી. પોતાની સભાઓને તેઓ કેવળ ગજવતા જ નહીં, તેઓ સભાના વિચારો એકદમ બદલી નાંખતા. સાધુ - એટલે પોથીપંડિત અને પંતુજી એવી છાપ મનમાં રાખીને બેસેલા સુધારવાદીઓ આવા ધુંઆધાર વ્યાખ્યાનકારની નામના વધતી રહેલી જોઈને બેબાકળા બની જતા હતા. પૂર્વગ્રહ કટ્ટર ન હોય તે બદલાઈ જતા. પૂર્વગ્રહ દઢ હોય તે વિરોધનાં કારણો શોધતા. કારણ પ્રત્યક્ષ રીતે ન મળે તો બનાવટી વાતો ફેલાવવામાં આવતી. **શ્રી રામવિજયજી મ.** માટે થનારો અપપ્રચાર ધીમે ધીમે મોટો થતો રહ્યો, કેમ કે, તેમના દ્વારા

દીક્ષાઓ થવાના પ્રસંગો વધતા ગયા હતા. જાહેર જનતામાં સર્વસામાન્યરીતે વિરોધ માટે નીચેના મુદ્દાઓ ચર્ચામાં ઊભા થતા રહ્યા.

(૧) આજના જમાનામાં દીક્ષા લેવી તે વહેવારુ નથી. જૂના જમાનામાં દીક્ષાને લાયક વાતાવરણ મળી રહેતું. આજકાલ ન તો દીક્ષાને અનુરૂપ વાતાવરણ છે, ન તો દીક્ષા આપી શકે તેવા સમર્થ ગુરુજનો ઉપલબ્ધ છે, કે ન તો દીક્ષા પાળી શકે તેવા દૃઢસત્ત્વ આત્માઓ છે.

(૨) દીક્ષા લેનારો દીક્ષા લેવા દ્વારા પોતાનાં કુટુંબના ભરણપોષણની જવાબદારીમાંથી છટકી જાય છે. આત્મકલ્યાણનાં નામે, ઘર છોડીને નીકળી જનારો, પોતાની પાછળ કુટુંબની કેવી અવસ્થા થશે તેની પરવા કરતો નથી. આ એક ગુનાહિત આચરણ છે.

(૩) સાધુ થઈ જનાર, સમાજના અન્નપાન દ્વારા જીવે છે, પરંતુ સમાજને ઉપયોગી બને તેવું કોઈ કામ કરી શકતો નથી. જીવનની જવાબદારીનો તેનામાં અભાવ છે.

(૪) દીક્ષા લેનારો, ભાવનાત્મક આવેશમાં આવીને દીક્ષા લઈ લે છે. દીક્ષા થઈ ગયા બાદ જેમ જેમ સમય વીતે છે તેમ તેમ દીક્ષા કેવી કઠણ છે, તેનો અહેસાસ થવા લાગે. પછી દીક્ષા ન પાળી શકાય કે, ન તો છોડી શકાય છે, તેથી તેને એક પરાધીન જીંદગી જીવવી પડે છે.

(૫) દીક્ષા લેનારને જ્યારે, જે જોઈએ તે ખાવાનું મળતું નથી. દીક્ષા લેનાર, ક્યારેક તો ખાવાનું ન મળે તો ભૂખ્યા પેટે સૂઈ જાય છે. તેની આ લાચારી જીવનભરની છે.

(૬) પગપાળા તેને ચાલવું પડે છે, માથાના વાળ ખેંચી કાઢવામાં આવે છે. ઉપવાસ જેવી તપશ્ચર્યા કરવી પડે છે. રાત્રે ખાવાપીવાનો સદંતર ત્યાગ હોય છે. એક આમ આદમી માટે આ બધુ કપરું છે. વાહનના ઉપયોગ વગર પ્રવાસ કરતા રહેવાની પદ્ધતિ અત્યંત દુષ્કર છે.

(૭) દીક્ષા આપનારે, દીક્ષા આપતા પૂર્વે દીક્ષાર્થીના પરિવારને વિશ્વાસમાં લેવો જોઈએ. દીક્ષા લેનાર તો દીક્ષા લઈ લે છે. દીક્ષા લેનારના પરિવારને જે એકલવાયાપણું લાગે છે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે.

(૮) દીક્ષા લેનારા, દીક્ષિતો ખરેખર દીક્ષાધર્મનું કેવું અને કેટલું પાલન કરે છે તે પ્રશ્ન વિચારવા જેવો છે. દીક્ષા લેવાના સમયે જે ઉલ્લાસ અને મનોબળ હોય છે તે સમયની સાથે ધીમા વેગે તૂટવા લાગે છે. પછી દયાજનક સ્થિતિમાં સમય વીતાવે છે.

(૯) મોટા સાધુઓએ શિષ્યોની સંખ્યા વધારવાનો મોહ ન રાખવો જોઈએ. પોતે દીક્ષા લીધી છે તે સારી રીતે પાળે એ ઘણું છે. શિષ્યો વધારવાનો મોહ રાખીને દીક્ષા આપનારા મહાત્માઓના હાથે મહદંશે કાચું કપાતું હોય છે.

(૧૦) શિથિલ આચાર, મર્યાદાભંગ અને અનુચિત વ્યવહાર, જો સાધુઓમાં જોવા મળે જ નહીં તો દીક્ષાનો વિરોધ ગેરવ્યાજબી ઠરે. ક્યાંક ક્યાંક તો શિથિલાચાર, મર્યાદાભંગ અને અનુચિત વ્યવહાર દેખાય જ છે. આવી પરિસ્થિતિમાં નવી દીક્ષાઓ જે થાય છે તે આ પ્રકારની અવ્યવસ્થાને વધારી શકે છે.

આવા તો અનેક મુદ્દાઓ ઊભા કરવામાં આવતા. પહેલી નજરે આ મુદ્દા વ્યાજબી લાગતા. જેમ ઊંડાણમાં જાઓ તેમ વાસ્તવિક તથ્ય નજરમાં આવતું. આ બધાય મુદ્દા દ્વારા એક માત્ર પૂર્વગ્રહ એ દૃઢ બનતો કે - હાલમાં દીક્ષા નજ અપાય. દીક્ષા લેનાર દીક્ષા લઈને ભૂલ કરે છે અને દીક્ષા આપનાર દીક્ષા દઈને ભૂલ કરે છે.

વળી એવું નહોતું કે દીક્ષા લેનાર કે આપનાર સમક્ષ આ મુદ્દા આ જ ઢાળમાં રજૂ થતા. અલગ અલગ રીતે વિરોધ થતો. ચર્ચા નીકળે તેમાં રજૂ થનારા મુદ્દા લગભગ આ રીતના રહેતા. એક પુણ્યપ્રભાવસંપન્ન સૂરિદેવનો શિષ્યપરિવાર સંખ્યામાં સારો એવો થયો હતો, તો એમની પર એવો આક્ષેપ મૂકવામાં આવ્યો કે 'તેમને ૧૦૮ ચેલા બનાવીને ગણઘર થવું છે,' આવી સાવ ઘડમાથા વિનાની રજૂઆતો થતી અને ગંભીરતાપૂર્વક તેનો પ્રચાર થતો. દરેકનું સ્પષ્ટીકરણ પણ આ રીતે તૈયાર રહેતું.

(૧) દીક્ષા આપનાર, એક આત્માનો ઉદ્ધાર કરે છે. દીક્ષા આપનાર દીક્ષા લેનારની પરીક્ષા લે છે, તેને કેળવણી આપે છે, તેને પોતાની સાથે રાખીને ચકાસે છે, તપાવે છે અને તેનું પૂરેપૂરું ઘડતર કરે છે. કોઈ આવીને દીક્ષા લેવા ઊભું રહે એટલે તુરત દીક્ષા આપવામાં આવતી નથી. દીક્ષા લેનારનું માનસ ચકાસવામાં આવે છે. તેને એકવાર તો ના પાડવામાં આવે જ છે. જેમ કપડા કે મીઠાઈ મફતમાં આપવામાં આવે અને કોઈપણ વ્યક્તિ હાથ લાંબા કરીને તુરત તે લઈ લે છે એમ કાંઈ દીક્ષા આપી દેવામાં આવતી નથી. દીક્ષા આપનારને દીક્ષા આપી દેવાની કોઈ ઉતાવળ હોતી નથી. દીક્ષા આપનાર, દીક્ષા લેવા ઈચ્છુક આત્માને દીક્ષા લેવાની અનુમતિ આપે છે. જો એ અનુમતિ ન મળે તો દીક્ષા લઈ શકાય નહીં. આ અર્થમાં પ્રક્રિયા એ થાય છે કે - દીક્ષા લેવા જે ઉત્સુક છે તેને દીક્ષાદાતા સ્વીકારે છે. અર્થાત્ - 'દીક્ષા આપવામાં આવે છે તેને બદલે દીક્ષા લેવાની અનુમતિ આપવામાં આવે છે' - એમ કહેવું વધુ સમુચિત છે.

(૨) દીક્ષા લીધા બાદ - દીક્ષિતનું પરિવારવર્તુળ દુઃખી ન રહે તેની ચોક્કસ કાળજી લેવામાં આવે જ છે.

જો પતિપત્નીમાંથી કોઈ એક દીક્ષા લે છે તો અન્ય એકનો વિશ્વાસ સંપાદિત કરવાની પ્રામાણિક કોશિશ કરવામાં આવે છે. ભારતીય બંધારણ વ્યક્તિસ્વાતંત્ર્યને જે મહત્ત્વ આપે છે તે દીક્ષા લેવાના નિર્ણયને લાગુ પડે છે. એક વ્યક્તિને અગર લગ્નજીવનમાં રસ ન રહ્યો હોય તો તે લગ્નજીવનમાંથી મુક્ત થઈ શકે તેની કાયદાકીય વ્યવસ્થા જોવા મળે છે. જે સહવાસીને, સહવાસમાં રસ નથી તેને પરાણે સહવાસમાં જોડી રાખવાનો અર્થ નથી તેવું કોર્ટ પણ સ્વીકારે છે. શરત એટલી છે કે, છૂટા પડવાની પદ્ધતિ સમુચિત હોવી જોઈએ. તુલના કર્યા વિના એ બાબત, દીક્ષાને લાગુ પડે છે. ઉંમરની પરિપક્વતા પામી ચૂકેલી જે વ્યક્તિ, સંબંધને અલવિદા કહેવા માંગે છે તે કેવળ પતિ કે પત્નીથી જ નહી બલ્કે પોતાના મા-બાપ-ભાઈ-બહેન આદિ સમસ્ત પરિવારથી પણ અલગ થઈ જવાનો નિર્ધાર કરે છે. આને આધ્યાત્મિક નિર્ણય કહેવાય છે. આ નિર્ણય, સામાજીક, વ્યક્તિત્વનો પરિત્યાગ કરવાનો નિર્ણય છે. કોઈપણ વ્યક્તિ સ્વયંસ્ફૂર્ત રીતે, ગંભીર વિચારણાપૂર્વક આવો નિર્ણય કરી શકે છે. ભારતીય બંધારણ આનો નિષેધ કરતું નથી.

અહીં પ્રશ્ન એ આવે છે કે, પતિ દીક્ષા લે તો પત્નીની ઈચ્છા અને જીવનવ્યવસ્થાનું શું? આના બે જવાબ છે. એકઃ જે પ્રવૃત્તિ માટે પતિ માનસિક રીતે તૈયાર નથી તે માટે પત્ની આગ્રહ રાખી શકે નહીં, આ બાબત કોર્ટ સ્વીકારે છે. આ અંગે એવું પણ છે કે પત્નીને જે પ્રવૃત્તિમાં રસ ન હોય તે અંગે પતિ આગ્રહ રાખી શકે નહીં. જો પત્ની દીક્ષા લે છે તો તે સ્વ-ઈચ્છાથી નિયત પ્રવૃત્તિને ટાળે છે. જો પતિ દીક્ષા લે છે તો તે સ્વ-ઈચ્છાથી નિયત પ્રવૃત્તિ ટાળે છે. આ પરિસ્થિતિમાં જેનાં મનમાં નિયત પ્રવૃત્તિની ઈચ્છા રહેતી હોય તેનું કાઉન્સેલીંગ કરવામાં આવે છે. ખુદ, પતિ કે પત્ની પરસ્પર આ કાઉન્સેલીંગ કરે છે. મહદંશે, આ કાઉન્સેલીંગ, પરસ્પરની સંમતિથી સફળ થતું હોય છે. જ્યાં સુધી, આ પ્રક્રિયા સ્પષ્ટ થતી નથી ત્યાં સુધી દીક્ષા આપવાનું ટાળવામાં આવે છે.

બીજી વાતઃ પતિ, દીક્ષા લે તે પૂર્વે પત્ની અને સંતાનનાં ભરણપોષણની વ્યવસ્થા કરી જ આપે છે. એવો એક પણ કિસ્સો જોવા મળતો નથી જેમાં પત્ની કે સંતાનની આર્થિક વ્યવસ્થા કર્યા વિના દીક્ષા લેવામાં આવી હોય. જો પત્ની દીક્ષા લે છે, તો પોતાના સંતાન, પતિની સાથે સંતુષ્ટ અને સલામત રહે તેની સો ટકાની ખાતરી મેળવી લે છે. પત્નીની દીક્ષા બાદ, પતિ દ્વારા અયોગ્ય પ્રવૃત્તિ થઈ હોય તેવું પણ જોવા મળતું નથી.

પતિ અથવા પત્નીને પ્રામાણિકતાપૂર્વક સમજાવવાની દરેક કોશિશ કરી દીધા બાદ પણ, પતિ કે પત્ની પોતાની મમતા કે એષણાને છોડવા તૈયાર ન થાય ત્યારે મુમુક્ષુ બની ચૂકેલ, પત્ની કે પતિ, ગુપ્તદીક્ષા અંગીકાર કરી લે છે. આવા નિર્ણયમાં, એકથી વધુ અન્ય પરિવારોની સાથે આ રીતની દીક્ષા અંગેની ચર્ચા કરવામાં આવે છે. ગુપ્તદીક્ષા જ્યાં થાય છે ત્યાંનો સંઘ પણ આ દીક્ષા, ગુપ્ત રીતે આપવામાં આવે તે જરૂરી છે એમ જાણતો હોય છે.

(૩) સવાલ એ આવે છે કે - ગુપ્તદીક્ષા થઈ ગયા બાદ, તેના પરિવારને તો જાણ થાય છે. તે વખતે તેમનાં દુઃખનું શું? તેમના ક્રોધનું શું? ઉત્તર સાફ છે - દીક્ષા થઈ ગયા બાદ, દીક્ષિતના સ્વજનોનો પ્રેમ મરી જતો નથી. એ પ્રેમને યોગ્યરીતે વાળવો પડે છે. એમનાં અંતરમાં વસી રહેલા પ્રેમ પર પૂરેપૂરો ભરોસો રાખીને જ કડક નિર્ણય લીધો હોય છે. નારાજ થયેલ સ્વજનો સાથે વાર્તાલાપ, આત્મીય સંવાદ દ્વારા અધૂરું રહેલ કાઉન્સીલીંગ આગળ વધે છે અને તેમને દીક્ષાના વિરોધી માનસમાંથી મુક્ત કરવામાં આવે છે. દીક્ષા લીધા બાદ, સંસારી સ્વજનો સાથે વાત ન કરી શકાય, પોતાના પૂર્વ અવસ્થાનાં ઘરે ન જવું - આવો નિયમ હોતો નથી. આ અર્થમાં સંબંધ ચાલુ રહે છે અને તે સંબંધ દીક્ષાતત્ત્વ સાથેનું અનુસંધાન ઊભું કરે છે.

જે સ્વજન, આત્યંતિક મમતા રાખે છે તે ઉગ્ર વિરોધ કરે છે. એનો એ વિરોધ, લોકોની સમક્ષ જાહેર થાય છે અથવા કાયદાનો રસ્તો લે છે. બન્ને કિસ્સામાં, પ્રથમ નજરે, દીક્ષા લેનાર માટે ખોટી છાપ ઊભી થઈ હોય તેવું લાગે છે. જ્યાં સુધી દરેક બાબતો સ્પષ્ટ થતી નથી ત્યાં સુધી દુઃખી સ્વજન માટે સૌને કૂણી લાગણી રહે છે. પણ ધીમે ધીમે પરિસ્થિતિ થાળે પડી જાય છે. ઈ. સ. ૨૦૧૪માં જાહેર જીવન જીવનારી વ્યક્તિઓને જોઈએ છીએ તો આશ્ચર્ય થાય છે. કહેવાતા મોટા માણસની પત્ની કે કહેવાતી મહાન્ હસ્તિનો પતિ, અન્યથી છૂટા પડે છે, ડિવોર્સ લે છે અને તરત જ બીજી એક વ્યક્તિ સાથે લગ્ન કરીને ખુલ્લેઆમ જાહેરમાં ફરે છે. જે પતિ કે પત્નીએ, પોતાની પત્નીને કે પોતાના પતિને છોડી દીધા - તે, પેલી પત્ની કે પેલા પતિનાં દુઃખની પરવા કર્યા વગર, પોતાનું નવું સુખ શોધી લે છે અને કાયદાકીય રીતે સેટ પણ થઈ જાય છે. આવો ભૌતિક આનંદ માટેનો સંબંધભંગ એટલો ચર્ચાનો વિષય બનતો નથી. આ કિસ્સામાં જે પરિત્યક્તા કે પરિત્યક્ત છે તેની સહાનુભૂતિ રાખીને કોઈ લડતું નથી. જ્યારે કોઈ વ્યક્તિ ભૌતિક આનંદની એષણાથી મુક્ત થઈ જાય છે અને કેવળ spiritual આનંદ સાથે સંબંધ પ્રસ્થાપિત કરે છે તેને, કોઈ પણ રીતે ગુનેગાર સાબિત કરવાની કોશિશો થાય છે તે ખરેખર તો કમનસીબી છે. છતાં - આવી વિરોધી વ્યક્તિને વાર્તાલાપ દ્વારા સમજાવવાના પ્રયત્નો ચાલુ જ રહે છે. તેને ધમકાવીને શાંત કરવામાં આવતી નથી. તેને અપમાનિત કરવામાં આવતી નથી. તેને જે વિયોગનું દુઃખ થયું છે તેનો માનસિક ભાર ટળી જાય તેવી સમજાવટ ચાલુ જ રહે છે. દીક્ષાવિરોધી સ્વજનની મમતાની ઉપેક્ષા નથી થતી બલ્કે તે મમતાને નવો ઢાળ દેવાની કોશિશ થાય છે. આ વાત્સલ્યનો સંબંધ છે.

(૪) દીક્ષા લેનાર, દીક્ષા લીધા બાદ માનસિક ઉલ્લાસ ગુમાવી દે તેવું મોટે ભાગે બનતું નથી કેમ કે તે એકથી વધુ શ્રમણ-શ્રમણીઓ સાથે રહે છે અને સૌનું વાત્સલ્ય તેને પ્રેરિત કરે છે. માનસિક ઉલ્લાસ ઢીલો પડતો દેખાય તેવા સંયોગોમાં તે દીક્ષિતને ઉપસંપદા દ્વારા અન્ય ગુરુ પાસે સ્થાનાંતરિત કરવામાં આવે છે. જવલ્લે જ આવી ગોઠવણ કરવી પડે છે, પરંતુ, આ ગોઠવણથી માનસિક ઉલ્લાસ જીવંત બની જાય છે તે નિશ્ચિત છે.

દીક્ષા લેનારને, દીક્ષા જીવનમાં ન ફાવે તેવું સમજાવા લાગે ત્યારે તેનું મન દૃઢ કરવા એને સારી રીતે સાચવવામાં આવે છે. દીક્ષા લીધા બાદ દીક્ષાનો ત્યાગ ન જ થાય એ મુખ્ય બાબત છે. દીક્ષિત, દીક્ષાત્યાગ ન કરે તે માટે તેને નાની નાની છૂટ આપવામાં આવે છે, જે સામાન્યરીતે અપાતી નથી. આને અપવાદસેવન કહે છે. એક નાનકડો સમયગાળો હોય છે જેમાં દીક્ષાત્યાગ જેવો વિચાર મનમાં આવેલો હોય છે. એ સમયને સંભાળી લેવામાં આવે તો આગળ જતાં,

એ દીક્ષાત્યાગનો વિચાર નષ્ટ થઈ જાય છે. દીક્ષા ત્યાગનો વિચાર ઉચિત નથી. સરખામણી કર્યા વિના વિચારીએ તો આત્મહત્યા કરનાર વ્યક્તિ ઓછી હોય છે પરંતુ આત્મહત્યાનો વિચાર કરનારી વ્યક્તિ થોડીઘણી તો હોય છે જ. જેને આત્મહત્યાનો વિચાર આવે છે તેને સંભાળી લેવામાં આવે તો તે આત્મહત્યાથી બચી જાય છે. સમજો કે કોઈએ આત્મહત્યા કરી જ લીધી તો એને લીધે આત્મહત્યાને યોગ્યમાર્ગ ગણવાની ભૂલ કોઈ કરતું નથી તેમ, સમજીવિચારીને દીક્ષા લેનારી વ્યક્તિ, ચોક્કસ મનોદશામાં દીક્ષાત્યાગ કરી દે તે જોવા મળે છે પરંતુ એ કોઈ સ્વીકૃત માર્ગ નથી. જો એને પ્રશસ્ય માનવામાં આવે તો, દીક્ષાનું આજીવન પાલન કરવા સંબંધી મહિમા માર્યો જાય છે. દીક્ષાત્યાગની ટકાવારી બહુ નાની છે અને જે દીક્ષાત્યાગ કરે છે તે પોતાના આ નિણર્યનો અફસોસ અનુભવે છે. તેનાથી સમજાય છે કે દીક્ષાત્યાગ સાહજીક રીતે સ્વીકાર્ય નથી.

'સમાજમાં આત્મહત્યાના કિસ્સા જોવા મળે છે તેને લીધે માતાઓ બાળકને જન્મ આપવાનું બંધ કરી દેતી નથી, તેમ ક્વચિત્ દીક્ષાત્યાગના કિસ્સા જોવા મળે છે તેને લીધે દીક્ષા આપવાની પરંપરા અટકાવી શકાય નહીં. લગ્ન કરતી વખતે જેમ છૂટાછેડાની સંભાવના બનેલી રહે છે, મોટો બિઝનેસ કરતી વખતે જેમ મોટા નુકસાનની સંભાવના બની રહે છે, તેમ દીક્ષાત્યાગ એક સંભાવના હોય છે, કોઈ છૂટાછેડા લે કે કોઈ ધંધામાં નુકસાન નોંતરી બેસે તેને લીધે લગ્ન કે ધંધો - વ્યર્થ છે, તેમ બોલાતું નથી, તેમ અત્યંત અલ્પ પ્રમાણમાં જોવા મળતા દીક્ષાત્યાગને લઈને, દીક્ષાદાન કે દીક્ષાગ્રહણની પ્રવૃત્તિને રોકી શકાય નહીં.'

(૫) વાત રહી - શિથિલ આચારની, જેમનો વૈરાગ્ય દઢ છે અને શારીરિક બળ દઢ નથી તેઓ અપવાદનું સેવન કરે છે અને તે અંગે જાહેરમાં પસ્તાવો વ્યક્ત કરતા રહે છે. પોતાની નબળાઈ, તે શ્રમણ પરંપરાની આચારપ્રણાલિનો હિસ્સો ન બને તે માટે તેઓ કાયમ મૂળમાર્ગનું સ્પષ્ટીકરણ કરવા પૂર્વક આત્મગર્હા કરે છે. આ પ્રકારનું વર્તન જ્યાં દેખાય ત્યાં દીક્ષા સંબંધી મૂળ વિચાર જીવંત રહેલો જોવા મળે છે.

(૬) આધુનિકતાના વહેણમાં દરેક પ્રકારની છૂટ લેનાર સાધુ, પોતાને પંચમહાવ્રતધારી ગણાવે, એ રીતનું માન-સન્માન પામવાનો આગ્રહ રાખે અને પોતાના શિથિલ આચારનો સરેઆમ બચાવ કરે તે અંગે શું કહેવું ?

આમને ત્રણ પ્રકારના લોકો મળે છે. એક: એવા લોકો જે તેમના શિથિલ આચાર અંગે તેમને ચેતવે છે, રોકે છે, કડક થઈને સમજાવે છે, ન માને તો તેમનો વેશ ઉતારી લે છે. આવું થાય ત્યારે સમગ્ર સાધુસમાજની બદનામી થાય છે. એ બદનામીના ડરે કડક પગલાં ન લેવાય ત્યારે, શિથિલ આચારને પોષણ મળે છે. આ આદર્શ પરિસ્થિતિ નથી. બે: એવા લોકો હોય છે જે આવા સાધુઓ પાસે ક્યારેય જતા નથી. એમનાથી દૂર જ રહે છે. એમની નિંદા પણ કરે છે. આ નિંદાદ્વારા પણ ક્યાંક સંપૂર્ણ સાધુસમાજની વગોવણી થાય છે. ત્રણ: એવા લોકો પણ હોય છે - જે આધુનિકતાને ચલાવે છે. આચારશૈથિલ્યને આવશ્યક માને છે. આવા લોકો, સાચા, આચારચુસ્ત સાધુની નિંદા કરવાપૂર્વક શિથિલાચારીનો બચાવ કરે છે. આમાં પણ સાધુસમાજનું નામ વગોવાતું હોય તેવું દેખાય છે.

દીક્ષા આપનારે અને લેનારે, ભવિષ્યમાં આચારશિથિલતા પ્રવેશ ન કરી લે તે અંગે ખૂબ ખૂબ જાગૃતિ રાખવાની હોય છે. આચારશિથિલતા એ સાધુ અવસ્થાનો દોષ છે. એ દોષ જોવા મળે તે, વ્યક્તિગત નબળાઈ છે. એને લીધે સંપૂર્ણ દીક્ષામાર્ગ ખોટો થઈ જતો નથી કેમ કે ઓછામાં ઓછા દોષથી કે લગભગ દોષમુક્ત રીતે શ્રમણજીવન જીવનારા આત્માઓ તો આજે જોવા મળે જ છે. આમ આચારશિથિલતા, એ દીક્ષા પ્રદાનની પરંપરાને રોકવા માટેનું આલંબન નથી બની શકતી.

દીક્ષા વિરોધનું વિશ્લેષણ આ રીતે કરી શકાય. **શ્રી રામવિજયજી મ.**ના જીવનમાં હવે જે પ્રસંગો બન્યા તેમાં આ મુદ્દાઓ, અલગ અલગ રીતે સામે આવતા રહ્યા, તે વિષે હવે પછી- *(દેવાર્ધિ. ક્રમશ:)*

શ્રી સંઘનું સ્વરૂપઃ

- **જે દુર્ગતિમાં પડતા બચાવે નહિ અને શુભ સ્થાનમાં સ્થાપી ન શકે, તે ધર્મ નહિઃ**
- **આત્માને અને આત્માના સ્વરૂપને સાચી રીતે સમજનારો, સ્વપરનો ઉપકાર કરી શકેઃ**
- **ભાટ બનેલા સાધુઓ સાધુપણાને કલંક લગાડે છે, અને સ્તુતિ ઈચ્છનારા શ્રાવકો પોતાના શ્રાવકપણાનું લીલામ કરે છેઃ**

(૭૪)

ધર્મનું સ્વરૂપ શું ?

અનંત ઉપકારી સૂત્રકાર મહર્ષિ **શ્રી દેવવાચક ગણિવરજી** શ્રીસંઘમેરૂની સમ્યગ્દર્શનરૂપ રત્નમય પીઠની દૃઢતા, ગાઢતા અને અવગાઢતાનું વર્ણન કરી ગયા. હવે જેમ મેરૂ પર્વતને રત્નજડિત સુવર્ણમય મેખલા હોય તેવી રીતે શ્રી સંઘમેરૂની સમ્યગ્દર્શનરૂપ પીઠ પર રત્નમય સુવર્ણમેખલા હોવી ઘટે. એ રત્ન અને સુવર્ણના સ્થાને શું ? તે હવે કહે છે -

શ્રેષ્ઠ ધર્મરૂપી રત્નોથી મંડિત સુવર્ણમેખલા હોવી જોઈએ, એમ કહ્યા બાદ હવે એ મહાત્મા ધર્મની વ્યાખ્યા કરે છેઃ

दुर्गतौ प्रपतत्प्राणीधारणाद्धर्मरुच्यते ।

દુર્ગતિમાં પડતાં આત્માને ધારણ કરે તે ધર્મ. અર્થાત્ દુર્ગતિમાં પડતા આત્માને બચાવે અને શુભ સ્થાનમાં સ્થાપે તે ધર્મ. જે દુર્ગતિમાં પડતા બચાવી ન શકે અને શુભ સ્થાનમાં સ્થાપી ન શકે તે ધર્મ નહિ. દુનિયામાં જો કોઈ એવી વસ્તુ હોય કે જે આત્માને દુર્ગતિમાં પડતા બચાવે તો કહો. જે પરલોક માને તેને સુગતિ-દુર્ગતિ માનવી જ પડશે, સ્વર્ગ-નરક માનવાં જ પડશે. સદાચાર-અનાચાર માનવા જ પડશે, અને ખરાપણું-ખોટાપણું પણ માનવું જ પડશે. અહીંની કાર્યવાહી પર પરલોકનો આધાર છે.

આ લોકની કાર્યવાહી સારી તો પરલોક સારો. આ લોકની કાર્યવાહી ખરાબ તો પરલોક ખરાબ. દુર્ગતિથી બચાવનાર ધર્મ છે એમ માને તેને પરલોક માનવો જ પડે. ઘર-બાર, કુટુંબ-પરિવાર, ઋદ્ધિ-સિદ્ધિ-સંપત્તિ, ધન-ધાન્ય, વકીલ-ડૉક્ટર, ઝવેરી કે કાપડિયો કોઈ દુર્ગતિથી બચાવી શકશે ? હોય તો કહો, આપણે જરા ઊભા રહીએ, આગળ પછી વધીએ. દેવ, ગુરુ અને ધર્મ વિના ચોથી ચીજ દુર્ગતિથી બચાવનારી છે ? ગુરુપદે બેસીને જો કોઈ આડીઅવળી વાત કરે તો એમને આવું પૂછવું જોઈએ. દુર્ગતિમાં પડતા બચાવનાર જે હોય તે આપણને કબૂલ મંજૂર છે. આપણે આને જ પૂજીએ એમ નહિ, પણ બીજા હોય તો બતાવો.

અમે તો અમારા અને તમારા પરલોકની જ ચિંતા કરીએ, આ લોકની ન કરીએ. આ લોકની ચિંતા કરનારા તો ઘણા પડ્યા છે. જ્યાં સ્વની ચિંતા છે ત્યાં પરની અને જ્યાં પરની ચિંતા છે ત્યાં સ્વની છે. પણ મુદ્દો એ કે પરની હિતચિંતા જોઈએ. જે હિત ન સમજી શકે તે પરોપકાર ન કરી શકે. પરોપકાર થાય ત્યાં સ્વ-ઉપકાર હોય. **આત્માને અને આત્માના સ્વરૂપને સાચી રીતે સમજનારો સ્વ-પરનો ઉપકાર કરી શકે.**

જે હિત જાણે અને પારકાનું હિત કરે તે પોતાનું ભૂલે ? હિત ન સમજે અને પારકાના ભલાનો દાવો કરે તે ખોટો ઢોંગ છે. આ લોકની ચીજોમાં તો દુનિયા આખી ચકચૂર છે. માબાપ વગેરે તમામ એ તો શીખવાડે. વેપાર રોજગાર, કમાવાનું, ખાવા-પીવાનું તો દુનિયામાં બધા શીખવાડે છે. પરલોકની વાત કોઈ કરતું નથી. એ તો ફક્ત દેવ, ગુરુ અને ધર્મ જ કરે છે. પરલોકમાં સુગતિ-દુર્ગતિ બેય છે. આ

લોકની ચીજમાં ખૂબ રાચ્યામાચ્યા, પૈસા પણ મેળવ્યા, પછી શું? પછી દુર્ગતિમાં જતાં એ બચાવશે? 'ગૃહસ્થને પૈસા પણ જોઈએ' - એવો ઉપદેશ આપનારને એ જરા પૂછો કે કમાતાં કમાતાં કે રૂપિયા ગણતાં ગણતાં નહિ મરાય, એવું નક્કી છે? એમ કરતાં કરતાં ખપી ગયા તો બચાવે કોણ? ડૉક્ટર, વકીલ, સોલિસિટર કે બૅરિસ્ટર બન્યા, અરે! માનો કે પંચમ જ્યોર્જનું સિંહાસન પણ બથાવી પાડ્યું, પણ પછી શું? અહીંથી ગબડ્યા તો એ રત્નજડિત સિંહાસન આડું પડશે? નરકે જતાં બચાવશે? આવું આવું પૂછો તો આ લોકની પંચાતમાં પડેલા અને આ લોકની વાતો કરનારા સાધુઓ જરૂર ઠેકાણે આવી જાય.

તેમને કહેવું જોઈએ કે 'આ લોકની પંચાત કરવી હોય તો સાધુતાના સ્વાંગના ઢોંગ શું કામ? આ લોકની ફીકર અને પ્રવૃત્તિ તો અમે સારી રીતે કરી શકીએ તેમ છીએ.' આ સ્વાંગ કેવો? આ સ્વાંગ જગતને જણાવે કે આ તો સંસારના ત્યાગી. આ સ્વાંગધારી પાસે પૈસા, ખાનપાન કે કોઈ પણ દુન્યવીપદાર્થ કે રંગરાગની વાત મળે એવું કોઈ સમજે? અહીં તો ધર્મ જ મળે એમ સહેજે સૌ સમજે. આ લોકની વાતો કરનારા માટે આ સ્વાંગ ધરવો એ ઢોંગ છે. 'દુર્ગતિથી આત્માને બચાવે તે ધર્મ' આ વાત દરેક દર્શનકારને માન્ય છે; આમાં મતભેદ છે? આ તો સર્વસામાન્ય વ્યાખ્યા છે. આ વ્યાખ્યા જે માને તેને પરલોક, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક એ બધું માન્ય હોય જ. આ વ્યાખ્યા ન માને તે નાસ્તિક. આ વ્યાખ્યા માની કે દુર્ગતિ આંખ સામે દેખાય જ. જેની આંખે દુર્ગતિ દેખાય તે પાપ કઈ રીતે કરે? પાપ કરવાનો ઉપદેશ એ કઈ રીતે આપે? 'પૈસા હશે તો બધું થઈ રહેશે' એવું એ શી રીતે બોલે?

દુનિયાની લડત આજે કંચનકામિની માટે છે. જર, જમીન, અને જોરુ પાછળ જ દુનિયાની બધી ધમાધમ છે. આ લોક એટલે જર, જમીન અને જોરુ. કહેવત પણ છે કે જર જમીન અને જોરુ, એ ત્રણ કજિયાનાં છોરું. આ ત્રણ જેની પાસે ઘણા તે મોટો શેઠ. **આ ત્રણ મેળવવાના, વધારવાના ઉપેદશ દે તે ધર્મોપદેશક કે પાપોપદેશક?** આ ત્રણ ઝઘડાનું મૂળ છે એમ તમે કહો છો પણ એ મળે તો તમને ગમે છે એટલે તમને એનો ઉપદેશ પણ ગમી જાય છે. પણ **ધર્મોપદેશક એવો ઉપદેશ ન આપે. એને મેળવવાના માર્ગ ન બતાવે. એવું બતાવે તો એ પાપોપદેશક છે.**

અત્યાર સુધી આપણે પીઠમાં હતા, હવે ઉપર મેખલામાં આવ્યા. પીઠ દૃષ્ટિથી ન જોઈ શકાય પણ મેખલા તો જોઈ શકાય. અત્યાર સુધી માન્યતાની વાત હતી, હવે અમલની વાત છે. હવે માત્ર 'હાજી-હાજી' કરશો તે નહિ ચાલે. મજબૂતાઈમાં પણ મહેનત અપૂર્વ છે પણ હવે મેખલામાં તો એથીયે અધિક મહેનત છે. પહેલાં કેવળ રુચિની વાત હતી, માત્ર માન્યતા પૂરતી વાત હતી પણ હવે તો અમલની વાત છે. દુનિયાને **અર્થ-કામ તો ગમે છે પણ ધર્મ નથી ગમતો એવી શાસ્ત્રકારની રૂઢ માન્યતા છે.** સમ્યગ્દૃષ્ટિને અર્થ-કામ નથી ગમતા, કદાચ અવિરતિના તીવ્ર ઉદયે ગમી જાય તોયે ઉપાદેય તો ન જ લાગે.

સભા૦: *'આ બધું સમજાય ખરું પણ અમલ થઈ ન શકે તો?'*

તો તીવ્ર પાપોદય માની પાપ ખસેડવાના પ્રયત્ન ચાલુ રાખવા.

મનને જીતવા વચન અને કાયાને કાબૂમાં રાખો:

એ પ્રયત્નો ચાલુ રાખવા માટે ઉત્તમ ભાવના ભાવો, ઉત્તમ આચરણ આચરો, ઉત્તમ ક્રિયા કરો, ઉત્તમ સહવાસ સેવો. ક્રિયામાં રહો પછી મન ભલે ફરે, એનું ગજું કેટલું? મન ભલે અમુક ક્રિયા ઈચ્છે પણ તમે કરો જ નહિ તો? વચન અને કાયા એ બે જો તમે કાબૂમાં રાખી શકો તો મન ગમે તેવી દોડાદોડ કરે પણ એનું વળે શું? એ થાકીને હેઠું બેસી જાય. એકલી કાયા અને વચનના અંકુશથી પણ ઘણા તરી ગયા. મન સાથે વચન અને કાયા એ ખોટા માર્ગે એકાકાર થાય તો સત્યાનાશ વળે. મન ખોટા માર્ગે જાય છે એમ પહેલાં લાગવું જોઈએ, પછી વચન અને કાયાને તાબામાં લો તો અંતે મનને વશ થયા વિના છૂટકો નથી.

જેટલા માણસ તેટલાં મન, મન તેટલા વિચાર, ક્ષણે ક્ષણે વિચાર જુદા. ત્યાં કશી મર્યાદા ન બંધાય. છેલ્લી હદ એ કે મનશુદ્ધિથી આત્મશુદ્ધિ થાય પણ વચન અને કાયા ઉપર અંકુશ આવે તો મનશુદ્ધિ થાય. મન ભલે વિલાયત જાય પણ કાયા

ન જાય તો? બાટલો હાથમાં લઈને મોંએ માંડે તો દારૂ પીધો કહેવાય ને? મન વિલાયત ગયું પણ કાયા ન ગઈ તો ત્યાંના માંસ મદિરા વાપર્યાં? નહિ જ. આત્માના ત્રણ દુશ્મન છે. મન, વચન અને કાયા. માની લીધું કે એ ત્રણમાં મન એ વધારે બળવાન છે તો તે સિવાયના બેને તો જેટલા દબાય તેટલાં દાબવાં. શરૂઆતમાં લાભ ઓછો પણ થાય. પેઢીને પહેલાં જ લાભ થઈ જાય? હજી તો શરૂઆત છે. થોડી જ મહેનત કરી છે ત્યાં વધારે લાભ થાય ક્યાંથી? અનાદિ કાળથી ગુલામી ખરીદી લીધી છે. હવે એકદમ છૂટવા માગો તે થાય શી રીતે? પ્રયત્ન કરો તો તે સમય પણ જરૂર આવશે. જેટલો મેલ ચઢ્યો છે તે કાઢવો તો પડે ને?

સભા૦: *'પણ રાત થોડી ને વેષ ઘણા, તેનું શું?'*

માટે જલદી ચેતો એમ જ્ઞાનીઓ કહે છે. હૈયામાં એ વાત જચી હોય તો આ બધું બંધ કરો અને અહીં આવી જાઓ. વર્ષોનો કાટ જલદી કેમ નીકળે? વાસણ ઉપર કાટ ચડી ગયો હોય તો આંબલીનાં પાણી તૈયાર કરવાં પડે, ઘરની સ્ત્રીથી ન નીકળે તો ઘસવા માટે મજૂર રાખવા પડે, કાથીનાં ગૂંચળાં લઈને ચાર-છ દિવસ ખૂબ ઘસે ત્યારે એ કાટ નીકળે ને વાસણ ઊજળું થાય. અનાદિકાળની વાસના એકદમ જાય શી રીતે? વસ્તુ સમજાય અને વચન તથા કાયા અંકુશમાં આવે તોયે કામ થાય. માટે તો દ્વિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ રાખ્યું. અનુમોદના રહી પણ કરવું-કરાવવું તો બંધ થયું ને? જો એમ ન કરે અને ત્રણેય સાથે કાબૂમાં આવે ત્યારે જ ક્રિયા આદરું એમ નક્કી કરે તો એ રખડે.

અભ્યાસથી મન જિતાય:

બાળકને સામાયિકમાં બેસાડો અને કહો કે અડતાલીસ મિનિટ બેસી રહેવાનું. એ બોલે, ચાલે, ઊંચોનીચો થાય પણ ત્યાં જ બેઠો બેઠો ને? એવું થોડા દિવસ કરે પછી હલચલ ઓછી કરે, હાથમાં માળા લેતો થાય, પછી પુસ્તક ઉઘાડી વાંચતો થાય પછી મહિને દહાડે એ પોતે કહે કે સામાયિકમાં કોઈ ગાળ દઈ જાય તોયે આપણે ન બોલાય. આ સ્થિતિ શાથી? અભ્યાસથી, અભ્યાસના યોગે આત્માનો ગુણ ખીલે. શરૂઆતમાં જ કાંઈ બધા ગુણ ન ખીલે. કોઈ કોઈ શ્રી તીર્થંકર દેવનો આત્મા પણ ચડ્યો, પડ્યો, એમ કરતાં એ તીર્થંકર થયા, તો આપણે કોણ?

સભા૦: *'કાંઈક આકરો ઉપાય બતાવો!'*

ચૂંટી ખણીને મનને મનાવવું એ જ આકરો ઉપાય છે. **શ્રી આનંદઘનજીએ** કહ્યું કે:-

સુરનર પંડિત જન સમજાવે,
સમજે ન માહરો સાલો...

જંગલી જાનવરો પણ મનુષ્ય સાથે ગેલ કરતાં શીખ્યાં એ કોણે શીખવ્યાં? એ કામના કસબીઓએ. સિંહ, વાઘ કે ચિત્તો મનુષ્યની ગંધ સહે? છતાં મનુષ્ય સાથે ગેલ કરે છે એ શાથી? મનુષ્ય સિંહની છાતી પર ચડી બેસે, સિંહને જીત્યો એમ બતાવે, જોનારા હજારો તાલીઓ પાડે છતાં સિંહ એ બધું સહે છે એ શાથી? ઊઠ કહેતાં ઊઠે છે અને બેસ કહેતાં બેસે છે; એની ક્રૂરતા, એનો ગુસ્સો અને એની હિંસા વગેરે ક્યાં ગયાં? એનું નખનું, દાંતનું, દાઢનું ઝેર ક્યાં ગયું? મદારી સર્પને ફાવે તેમ રમાડે છે! હજારોની વચ્ચે માણસ એ સિંહનો આજે જેમ કાન પકડે છે તેમ પહેલાં પકડ્યો હોત તો? છૂટો મૂકે તોયે કાંઈ ન કરે, હજારો લોકો 'વન્સ મોર' કરે તોયે અને તાલીઓ પાડે તોયે એવો ન એવો શાંત રહે. જાણે એને કાંઈ અસર જ નહિ. જંગલમાં મળ્યો હોય અને એમ કર્યું હોય તો?

સભા૦: *'એ તો ટેવાયેલા સાથે જ એમ વર્તાય ને?'*

જેમ વધુ ટેવાય તેમ એ સિંહ પણ કૂતરા જેવો થાય. ઉંદર બિલાડી અને કૂતરાને જન્મજાત વૈર હોય છે પણ ઘણા ગૃહસ્થોને ત્યાં કૂતરાં-બિલાડાં ભેગાં રમે છે. શાથી? જાતિ વૈરવાળાંને પણ જન્મથી એકબીજા સાથે ગોઠવી દીધાં તેથી. એ રીતે ક્ષમાની ટેવ પડે પછી તો બાપ ગાળ દે તોયે ન બોલે, મા આકરાં વેણ કાઢે તોયે ન બોલે, ગુરુ બે શબ્દ સંભળાવે તોયે સહન કરે અને કોઈ બીજા ગમે તેમ બોલે તોયે શાંતિ રાખે. એ ટેવ એવી પડે કે ગાળ દેનારા દુશ્મનનું પણ એ કલ્યાણ જ ઈચ્છે. વગર અભ્યાસે એકદમ એ સમતા આવે?

પાંચ વરસનો જૂનો તાવ એકદમ મટે? છ મહિના ઉકાળા પીવા પડે ત્યારે એ મટે. મોટો તાવ જલદી ઊતરે પણ ઝીણો તાવ કાઢવા ભારે મહેનત કરવી પડે. શેર પાણીમાં કડવા ઉકાળા

ઊકાળી બે રૂપિયાભાર પાણી રહે ત્યારે પીવાનાં. એ પીતાં તો માથાના વાળ પણ ઊંચા થઈ જાય એવા કડવા હોય. છ મહિના એવા ઉકાળા પીવે ત્યારે હાડ, માંસ અને લોહીમાં પેસી ગયેલો એ તાવ શરીરમાંથી નીકળે. ભટકતા મનને ઠેકાણે લાવવાનો ગુણ વેષમાં, ક્રિયામાં અને ભાવનામાં છે. સામાયિકમાં બેઠેલાને ગુસ્સો કદી આવે પણ તરત વિચાર આવે કે અરે! હું તો સામાયિકમાં છું. જેનો અમલ નથી કરવાનો એના વિચાર કરવાનું કામ શું? પણ એ વિચાર સામાયિકમાં બેઠો હોય એને આવે ને? ઘરમાં કે દુકાનમાં બેઠો હોય અને મન ચળવિચળ પણ કદી થાય પણ જાય ખરો? પછી થોડા દિવસના વધુ અભ્યાસ પછી એમ પણ થાય કે જવું નહિ તો ભાવના પણ શા માટે બગાડવી? પણ આ બધું અભ્યાસથી થાય.

સ્ત્રી જાતિ કેટલું સહન કરી શકે છે? શાથી? અનુભવ, અમલ અને અભ્યાસથી. વેઠાય કે ન વેઠાય પણ વેઠી લે છે ને? વ્યાધિની વાત વિચારો. તાવ લાગુ પડે ત્યારે શરૂઆતમાં બહુ અકળામણ થાય. પણ થોડા દિવસ જાય પછી દર્દીને એ કોઠે પડી જાય છે. 'આ તો રોજનું થયું' એમ એને થાય છે. શરૂઆતમાં સૂઈ રહેતો હોય એ પછી ઊઠે, બેસે, ખાય, પીવે અને કામ પણ કરે. કોઈ પૂછે કે તાવમાં ઊઠ્યો? તો કહે કે 'એ તો રોજનું થયું, ક્યાં સુધી પડ્યા રહેવું?' આમ વ્યાધિ સાથે પણ માણસને દોસ્તી થઈ જાય છે તો ઉત્તમ ચીજ સાથે પ્રેમ ન થઈ જાય? તમને ઘેર ન ગમે એવું અમને આ ઓઘા સાથે ગમે છે, તમે માનશો? અમને આની સાથે દોસ્તી થઈ ગઈ. તમને આ બગલમાં ઘાલવાથી મૂંઝવણ થાય અને અમને એ બગલમાં ન હોય તો મુંઝવણ થાય. ઊંઘમાંયે અમારા મોંમાથી 'ધર્મલાભ' નીકળે, તમારે જાગતાંયે 'કર્મલાભ'ની જ વાત નીકળે. આ બધું અભ્યાસનું કારણ છે. બાળક 'મા, મા' જ કરે એ શાથી? ટેવથી. ઘણા બીમાર દર્દમાં 'હાય બાપ' કરે અને ઘણા 'અરિહંત-અરિહંત' કરે, એમાં કારણભૂત અભ્યાસ છે. કેળવો તો ગુણ આવશે. પરંતુ હજી તમને વસ્તુતત્ત્વ જડ્યું નથી.

દુર્ગતિમાંથી આત્માને બચાવે કોણ? ધર્મ. હીરો કીમતી છે એ હૃદયમાં બેઠું છે તેથી કાદવમાંથી હાથ બગડે તોયે એ લેવાય છે. આવી માન્યતા અહીં થવી જોઈએ. એ થાય તો રાત્રે ન ખવાય, વ્યસનો ન સેવાય, હોટલમાં ન જવાય, નાટક-સિનેમા ન જોવાય, એ બધું સમજાવવામાં મહેનત ન પડે. પોતે જ કહેતા આવે કે અમે આમ નહિ કરીએ. આ તો કહે છે કે - 'રાત્રે ખાવામાં પાપ શું? શું એથી સદ્‌ગતિ અટકી જાય?' આવા પ્રશ્નો કરે છે. સદ્‌ગતિ શાથી અટકે અને આત્માને દુર્ગતિમાં પડતાં બચાવનાર કોણ? એ નક્કી કરો. એ નક્કી નથી કર્યું એની જ આ બધી મોંકાણ છે અને એનું નામ જ નાસ્તિકતા છે. એવી નાસ્તિકતામાં ફસાયેલા પામશે. આજે વેષને પણ લજવે છે. તેઓ પરલોક સુધારવાની વાત મૂકી આ લોકની વાહિયાત વાતો કરવામાં પડી ગયા છે. મોઢે સારું સારું બોલે પણ અંદર બધું પોલું છે. માટે તો **શ્રી મલયગિરિજી મહારાજા** કહી ગયા કે પરલોકની ક્રિયાને ગૌણ કરી આ લોકની ક્રિયા વધારવા ઈચ્છનારા, વધારનારા છૂપા નાસ્તિકો છે. આ ખાવાથી મૃત્યુ થાય એ જાણ્યા પછી મરે તોયે એ, એ વસ્તુ ખાય? અરે અમુક માત્રા ખાનારાને જીવનભર અમુક વસ્તુ ન ખવાય તો એવા માણસો પોતાની રસોઈ અલગ બનાવે છે. સારા સારા શેઠિયાઓની આ વાત કરું છું. એના રસોયા અલગ અને રસોઈ પણ અલગ-જાતે પોતે અનાજ તપાસે કે રખે ન વાપરવા યોગ્ય વસ્તુ અંદર ન આવી જાય. આનું કારણ? જીવન વહાલું છે માટે. એ જ રીતે પરલોક માને, નરક માને એ પાપ કરે?

છૂપા નાસ્તિકો:

સભા૦: ***'છૂપા નાસ્તિક અને ખુલ્લા નાસ્તિકમાં શો ફેર?'***

ખુલ્લા નાસ્તિક તો એટલા પુરતા સારા કે મોઢે જ કહે કે અમે નથી માનતા; પંચાત મટી, કોઈ ફસાય તો નહિ? આ તો કહે કે અમે પરલોક માનીએ છીએ પણ...! એ પણ... કહીને જ બધા ગોટાળા વાળે. ખુલ્લા દુશ્મન સારા પણ છૂપા દુશ્મન ભૂંડા. ખુલ્લા દુશ્મન તો કહી જાય કે 'હું જોઈ લઈશ!' એટલે માણસ એનાથી સાવચેત રહે. એને કળથી જિતાય. કદાપિ એનાથી હારીએ તોયે મૂંઝવણ નહિ કારણ કે એણે આપણને સાવચેત તો કર્યા હતા. પણ સાહેબજી કહી હાથ મિલાવી પડખામાં પેસી ઘા મારે એને કેમ પહોંચાય? એ છૂપા કહેવાય. સાધુ તરીકે ઓળખાવું, ધર્મદેશના દઈએ છીએ એમ કહેવડાવવું અને લોકને આ લોકના પાપમાં જોડવાની વાતો કરવી એ કઈ

નાસ્તિકતા? આ લોકમાં પૈસા કમાવાના કે લગ્ન કરી ઘર માંડવાના ઉપેદશની લોકને જરૂર છે? એ કોણ નથી કરતું? રંગરાગ માણવાના ઉપદેશ આપવાની જરૂર છે? 'આ બધું ન કરવું જોઈએ' એ સમજાવવાની, એનો ઉપદેશ આપવાની જરૂર છે. ધર્મોપદેશકે આ ચાવી બરાબર હાથમાં રાખવાની જરૂર છે. આ ચાવી એવી સુંદર છે કે એ મળ્યા પછી ઊંઘમાં બોલે તોયે માર્ગને અનુસરતું જ બોલાય. સંસારની અસારતા, સંયમની સુંદરતા અને મોક્ષનું ધ્યેય જેને પરિણમ્યું તેના મોંએથી ખોટું નીકળે જ નહિ. જેને પોતાના મનમાં ખૂણે ખૂણે પણ સંસાર ઠીક લાગે છે, સંયમ ખરું પણ લેવાય તો ઠીક - ન લેવાય તો સંસારમાં રહીને ક્યાં ધર્મ નથી થતો? અને મોક્ષ તો અત્યારે ક્યાં છે? - એમ થાય, એવાઓ કાળજીથી અને જાગતાં બોલે તોય એનાથી ખોટું બોલાય. જેને સંસારની અસારતા ભાસી તેને તો કોઈ કહે કે 'ઇંદ્રો અને અહમિંદ્રો મહાસુખી છે' તોએ એ કહે કે 'ના, એ પણ દુઃખી છે. એનું પણ મરણ નિશ્ચિત છે. એને સંસારના ગમે તેવા સારામાં સારાં સુખો બતાવે તોયે એ કહે કે બધેય દુઃખ છે. સંસારની અસારતાના રોમ રોમ પરિણમન વિના સંયમની સુંદરતા ભાસતી નથી. એટલે 'સંસાર અસાર છે, મોક્ષ સાર છે અને સંયમ એ જ એનો ઉપાય છે' આ ચાવી એના હાથમાં આવી એ બધે ફાવી શકે છે. શું બોલવું, શું કરવું એ બધું તે સમજી શકે છે.

'શું અમે તમારા આધારે જીવીએ છીએ?'

ગુરુ, ગુરુ મટી યાચક બને એટલે કૃપણના કાકાને એ દાતાર કહે. જાતજાતના આશીર્વાદ આપે પણ એ ફળે ક્યાંથી? એ આશીર્વાદ દેનારને ભાન નથી કે પેલા કમનસીબના ભાગ્યમાં જ એ નથી. એને એવું વિચારવાની પંચાતમાં પડવું જ નથી. એને તો સામાને રાજી કરી પૈસા કે છેવટે મનગમતું કંઈક લેવું છે. એવા ભિખારી, કૃપણને દાનવીર કહે, કાયરને શૂરવીર કહે અધર્મીને ધર્મવીર કહે; પ્રાચીન બધા મહાપુરુષોના નામે એને ઓળખાવે અને આગળ વધીને એમ પણ કહે કે 'તમે ન હોત તો અમારું થાત શું? તમારે વડે જ અમે છીએ.' એ કમનશીબને પોતાના ભાગ્ય પર પણ વિશ્વાસ નથી.

શ્રી જૈનશાસનમાં શ્રીમતી **મયણાસુંદરીની** વાત પ્રસિદ્ધ છે. પોતાના પિતાને એ શું કહે છે? કહે છે કે - 'વ્યવહારથી આપ મારા પિતા ખરા, વડીલ અને પૂજ્ય પણ ખરા. આપને પગે લાગું એ કબૂલ, આપે મોટી કરી ભણાવી-ગણાવી એ બધી વાત સાચી પણ આપ કહેતા હો કે - 'આપના આધારે જ હું જીવું છું તો એ આપની માન્યતા ખોટી છે. હું મારા પુણ્યબળે જ જીવું છું.' દીકરી બાપને પણ આ રીતે સાચી વાત કહે, એ આ જૈનશાસન છે. એ શાસનના સાધુઓ 'અમે તમારા વડે જીવીએ છીએ', એમ શ્રાવકને કહે?

શાસ્ત્રોમાં શું આવે?

વર્ષમાં બે વખત **શ્રીપાળ રાજાનો રાસ** વંચાય છે. એમાં ત્યાગવૈરાગ્યની વાતો આવે છે એ યાદ છે કે આટલી સ્ત્રીઓને પરણ્યા, એ જ યાદ છે? કેટલાક મારા માટે કહે છે કે - 'આ મહારાજને તો બધામાં ત્યાગની જ વાત લાવવાની પણ **શ્રીપાળ ચરિત્રમાં** ત્યાગ લાવે ક્યાંથી?' આ વખતે ચૈત્રમાસમાં જો હું અહીં રહું તો મારે એ જ વાંચવું છે અને એમાં ત્યાગ કેટલો ભર્યો છે એ બતાવવું છે. સંસારના રસિયાઓ એ રાસ કે ચરિત્ર વાંચે અને એમાંથી ત્યાગ ન કાઢે તેમાં હું શું કરું? એમની નજર જ ઋદ્ધિ સિદ્ધિ અને સ્ત્રીઓ આદિ ઉપર જ હોય તેમાં આપણો શો ઉપાય? સિદ્ધાંતમાં મક્કમતા, વિધિ-અવિધિનું જ્ઞાન,શીલવતીઓનો ધર્મ, સદાચારીઓના સુંદર આચાર, એ બધી વાતો એમાં આવે છે. પણ વસ્તુસ્વરૂપના જ્ઞાન વિના શ્લોકના અર્થો બોલી રાજા-રાણીની વાર્તા કહીને લોકોને જ રાજી કરવાના ધ્યેયવાળા હોય એ એમાંથી વૈરાગ્ય કાઢે ક્યાંથી? ભગવાનનાં ચરિત્રોમાંથી પણ રંગરાગની વાતો શોધી કાઢનારાઓને આમાં વૈરાગ્ય દેખાય ક્યાંથી? એ તો આવાં ચારિત્રોમાંથી પણ 'ઇદં તૃતીયં' કાઢે.

સભા૦: *'એ તો કહે છે કે આ બધા કથાનકો કલ્પિત અને બનાવટી છે.'*

ભાગ્યહીનો માટે તો **ભગવાન મહાવીર** પણ કલ્પિત અને બનાવટી છે.

સભા૦: *'અમુક વાતો શાસ્ત્રોમાં નથી, એમ કહે છે.'*

શાસ્ત્રોમાં તો વીસ વિહરમાન ભગવાન પણ ક્યાં છે? બજારના ભાવ ચોપડે હોય જ એમ? જ્ઞાનીની પરંપરાએ ઘણી

વાતો આવી છે. બાપના બાપ આ વાત કહેતા હતા એમ તમે પણ કહો છો ને? દાદા તો કુટુંબમાં પિસ્તાલીસ માણસ હોવાનું કહેતા હતા અને આજે પાંચ છે તો એ ગપ્પું મારતા હતા? અરે બાપા કહેતા હતા કે એમને બાપા હતા તો એ પણ ગપ્પું? પ્રત્યક્ષ હોય એ જ માનો? આવા અક્કલના ઈજારદારોને કેમ પહોંચાય?

શાસ્ત્ર તો દિશા બતાવે. શ્રી જિનેશ્વરદેવનું આગમ તો આંગળી ચીંધે. જ્યાં સુધી દૃષ્ટિ ઊંધી છે ત્યાં સુધી ઉત્તમ વસ્તુમાંથી પણ ત્યાગ નહિ મળે. આ દર્શનમાં નાનામાં નાનું પણ કથાનક એવું નથી કે જેમાંથી સંસારની અસારતા, સંયમની સુંદરતા અને મુક્તિ એ જ સાધ્ય એમ ન નીકળે. પણ જોનારને માત્ર નગર, રાજા-રાણી, ધનધાન્ય અને સુંદરીઓ જ જોવાં હોય ત્યાં શું થાય?

ધર્મોપદેશક ભાટ બને ત્યારે!

એક મહાત્મા પોતે રચેલા શ્લોકમાં કહે છે કે - પોતાના સ્વાર્થ માટે લુચ્ચાને પણ શાહુકાર કહે, ઠગને પણ ધર્માત્મા કહે અને કૃપણને પણ દાનવીર કહે એવા ધર્મોપદેશકને ભાટ સિવાય શી ઉપમા અપાય?

સભા૦: *એ શ્લોકના કર્તાનું નામ?*

નામ અત્રે નથી આપ્યું પણ લખે છે કે કોઈ પ્રાચીન સૂરિ કહે છે.

સભા૦: *'કોઈ કહે છે કે-એ રામવિજયજીએ નવો બનાવ્યો છે.'*

તો મારી પાસે પાનાં તૈયાર છે. જોવાં હોય તો બતાવું. વળી આ શાસનમાં નવું બનાવવાની છૂટ છે. ફક્ત એ આગમાનુસારી જોઈએ. આગમાનુસારી નવાં સૂક્તો રચનારા મહાકવિઓને આ શાસનમાં પ્રભાવક કહ્યા છે. હું હજી એવો કવિ બનવાને ભાગ્યવાન નથી થયો પણ એ શક્તિ આવે તો રાજી જરૂર થાઉં. આ તો પ્રાચીન સૂરિની કૃતિ છે અને માગશે તો પ્રમાણ આપીશ.

સમ્યગ્દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,
અંતર્ગત ન્યારો રહે, જેમ ધાવ ખેલાવત બાળ.

કહો, આ દોહરામાં શું આવ્યું? સંસારની અસારતા, સંયમની સુંદરતા અને ધ્યેયરૂપ મુક્તિની નિશ્ચિતતા આ ત્રણે દોહરામાંથી નીકળે. જૈનશાસનમાં દોહરે દોહરે આ જ વસ્તુ ભરી છે. જેમાં આ ત્રણ ન હોય એ શાસનનું સૂક્ત નથી.

સભા૦: *'છે ખરું, પણ આપ બહુ ભાર મૂકીને બોલો છો.'*

ભાર મૂકવા માટે તો ભગવાને અમને આ સ્થાને બેસાડ્યા છે. ચાર પ્રકારના સંઘમાં પાછળના બે તો સંસારમાં બેઠા છે; સાધુ ભાર મૂકનાર હોય તો આ શાસન ટકે. સાધુથી ધર્મ ટકે છે. સાધુ વિના તીર્થ ટકે નહીં.

સભા૦: *'ભાટ અને ભાંડમાં ફેર શો?'*

ભાટ થાય એનામાં પછી ભાંડપણું પણ આવે. હવે શ્લોકના રચયિતા કહે છે કે એવા ભાટ બનેલા ધર્મગુરુઓ શ્રાવકોની સ્તુતિ કરીને દાનાદિક મેળવે છે. 'તમે ન હોત તો અમારું શું થાત? અમારો ગુજારો તો તમારા ઉપર છે ને? તમે છો તો અમે છીએ અને આ ચંદરવા પૂંઠીયા બધું છે.' આવું કોણ કહે? ભાટ બનેલા ગુરુઓ આવું કહે એમ આ મહાત્મા ફરમાવે છે. એવાઓ આ રીતે શ્રાવકોની પ્રશંસા કરી કરીને ઈચ્છિત મેળવે છે. પછી એ શ્લોકના કર્તા આચાર્ય, એ ધર્મગુરુ માટે તથા સ્તુતિ સાંભળનાર, સાંભળવા ઈચ્છનાર શ્રાવકો માટે પોતાનો અભિપ્રાય આપે છે.

શ્રી સંઘસ્વરૂપના વર્ણન માટે આ બધું શોધવું પડે છે. તમે માર્ગમાં સ્થિર થાઓ એ હેતુ છે. તમારી સ્તુતિ સાધુ કરે તો તમારે એમને રોકવા જોઈએ. અમે કરીએ તો અમને પણ રોકો. તમારી સ્તુતિ સાધુ કરે તો તમને લજ્જા આવવી જોઈએ. 'તમારા વડે અમે' એમ સાધુ કહે અને એ સાંભળી રહે, તો એ શ્રાવક પોતાના શ્રાવકપણાનું લિલામ કરે છે. શ્રાવક તો કહે કે - 'આપ એ શું બોલ્યા? અમારા વડે આપ નહિ પણ આપના વડે અમે. અમને લાગે છે કે આપ અમારી કસોટી કરવા જ આમ બોલ્યા હશો! પરંતુ ભગવંત! હવે એવું ન બોલશો. આપ આવું બોલશો તો અમે તો આપના માથે ચડી બેસીએ એવા છીએ.' જ્યાં ભાટપણું આવ્યું ત્યાં તો રોટલા માટે જ સાધુપણું રહે છે.

કોઈ પૂછે કે – 'કોટ પાટલૂન પહેર્યાં, સ્ટીમરમાં મુસાફરી કરી પછી 'મુનિ' શબ્દનો મોહ શા માટે?' કહેવું પડે કે એમાં રોટલાનો હેતુ છે. પેલું કરવામાં ફાવટ આવી અને પેટનું ટકુ નભ્યું તો તો ઠીક છે પણ એમાં કદી ન ફાવ્યા તો 'મુનિ'ના નામે રોટલા મળે ને? મુનિવેષ તો અનેક રીતે રખાય છે. નામના માટે, રોટલા માટે, માનસન્માન માટે પણ રખાય છે અને ટકાવાય છે. ભાટપણું આવ્યું કે મુનિપણાની કિંમત એને મન ઘટી અને દુનિયાના પદાર્થો અને દુનિયાની વાહ વાહની કિંમત વધી.

સભા૦: *'શું મુંડે, શું લોચે રે – એ એવા માટે કહ્યું?'*

એમ જ સમજો! બાકી તો મુંડન અને લોચથી તો કેવળજ્ઞાન પામી ઘણા તરી ગયા. સારા માટે એવું બોલનારા તો મિથ્યાદૃષ્ટિ છે. સારા સાધુ માટે એવું બોલનારા શ્રાવકો પોતાના શ્રાવકપણા ઉપર અગ્નિ મૂકે છે. ભાટપણું આવ્યું પછી તો 'મગનભાઈ' ને 'છગનભાઈ' કરવાનું શરૂ થઈ જાય. એક શેઠિયો આવતો દેખાય કે છાતીમાં થડકારા થવા માંડે. ઠીક છે, કોઈ નવો આવે અને એને માર્ગે ચડાવવા યોગ્ય શબ્દોમાં કહેવું પડે તે જુદી વાત પણ રોજ આવનારા શ્રાવકને સાધુ ઊઠીને માનપાન શા માટે આપે?

કોઈ પૂછે કે આઠ વર્ષની ઉંમરનાને અપાતી દીક્ષા વાજબી છે કે નહિ? એના જવાબમાં 'આપે તે જાણે' એવા ઉડાઉ જવાબ વાજબી છે? જેની પાસે જાય તે દીક્ષા આપે અને જેની પાસે ન જાય તે ન આપે એ બીજી વાત છે પણ અપાય કે નહિ, એનો જવાબ તો બરાબર આપવો જોઈએ ને? પરંતુ ભાવના જુદી છે તેથી ગમે તેવા જવાબ અપાય છે. સાધુ પાસે આવનાર આત્મા પણ ઘરે જઈને પસ્તાવો કરે કે 'અરે! આપણી મમતા છૂટતી નથી.' પણ આવું ક્યારે બોલે? ગુરુ તરફથી એવો ઉપદેશ અપાય તો ને? નિરંતર જિનવાણી સાંભળવાની વિધિ છે. શા માટે? સંસારમાં રહેવા છતાં ફસાઈ જવાય નહિ માટે ને? સંસારનો મોહ ઉતારવા શ્રી જિનેશ્વરદેવની વાણી ગારૂડી મંત્ર જેવી છે. સંસારનો મોહ એ જ મોટી પીડા છે. સંસારની અનેક અનુકૂળ સામગ્રી મળી એ તો આત્માનો સંહાર કરે છે. પ્રતિકૂળ સામગ્રીમાં તો હજી ધર્મ કરનાર મળે.

ભોગવ્યા પહેલાં જ છોડે એ વધુ સમજુ:

કેટલાક એમ બોલે છે કે 'વગર પરણેલા બ્રહ્મચર્યનો નિયમ લે તેની કિંમત શી? હોય અને તજે તો કિંમત!' કેવા અક્કલવાન છે? એ પૂછે છે કે 'ન હોય ત્યાં તજ્યું શું?' એને ખબર નથી કે એ તજનારને હવે મળે તોય એ એની સામું જોવાનો નથી. વસ્તુના સંયોગમાં આવ્યા વિના ત્યાગ કરનારો વધારે પરાક્રમી અને ડાહ્યો છે. કાદવવાળો હાથ થયો તો ધોવો એ ઠીક છે પણ કાદવમાં હાથ જ ન નાખે એ કેવો? મળેલું તજે તે બહાદુર એમાં ના નહિ પણ સંસારનો રસ ચાખ્યા વિના નીકળે એ અનુપમ છે. શાસ્ત્રે લખ્યું કે બાલ્યવયમાં દીક્ષા લે તેને ધન્ય છે અને પછી એટલે સંસારનો રસ ચાખ્યા પછી નીકળે તેને પણ ધન્ય છે. બે જણા કોઈના મકાનમાં પેસવા ગયા. એક તો દૂરથી રંગ જોઈને બહાર જ ઊભો રહી ગયો. બીજો અંદર પેઠો. બારણામાંથી ડોકિયું કર્યું ત્યાં ભય જણાયો તેથી પાછો ફર્યો અને છજામાંથી કૂદીને ભાગ્યો. ભયમાંથી છટકીને ભાગ્યો એ બહાદુર તો ખરો પણ પેલો બહાર જ ઊભો રહી ગયો એને શું કહે? કહે કે–તું હોશિયાર કે રંગ જોઈને દાખલ જ ન થયો. પરિસ્થિતિ સમજી ગયો. આમ પહેલાંથી સમજનાર વધારે જ્ઞાની અને પાછળથી સમજનાર ઓછો જ્ઞાની, એમાં શંકા છે? પેલો છટકનાર બહાદુર અને મહેનતુ ખરો પણ ન ફરનાર વધારે ઉત્તમ છે. વિષયવાસના આત્મા સાથે રૂઢ છે. એ રૂઢ વાસનાને ન ગણકારી પહેલેથી જ ત્યાગ કરે એ ઉત્તમતા ઓછી નથી.

સભા૦: *'આ તો વગર ચીજે ત્યાગ કરનાર ઉપર પણ આક્ષેપ અને વસ્તુ હોય તેનો ત્યાગ કરે ત્યાં પણ આક્ષેપ! એનું કારણ?'*

કારણ સ્પષ્ટ છે કે એ લોકો વસ્તુના પ્રેમી નથી. વસ્તુનો પ્રેમી હોય તેની ભાવના જ જુદી હોય. આ તો વસ્તુને માનતા જ નથી.

ખામી દર્શાવવાની ખૂબી:

કોઈ પૂજા કરતો હોય અને તેમાં અવિધિ દેખાય તો તેને એમ કહેવાય કે 'ભાગ્યવાન! તું પુણ્યશાળી છો કે પ્રભુની પૂજા કરે છે, બે કલાક એ માટે કાઢે છે; પણ તારે આટલો સુધારો કરવા યોગ્ય છે! પણ, 'કરી હવે પૂજા!' એમ

કહેવાય? કોઈ વ્યાખ્યાન સાંભળનારમાં ખામી દેખાય તો એમ કહેવાય કે 'ભાગ્યવાન! અહોભાગ્ય છે આપનું કે નિરંતર શ્રી જિનેશ્વરદેવની વાણી સાંભળો છો, માટે જ આપનામાં આ ન ઘટે' પણ 'સાંભળ્યું, સાંભળ્યું એણે વ્યાખ્યાન!' એમ કહેવાય? એવું બોલનારા વસ્તુના પ્રેમી નથી પણ ખરેખર તો વસ્તુના વિરોધી છે; એટલે જ તેઓ એમ બોલનારા છે.

સભા૦: *'એમની પાસે દલીલ નથી.'*

આજની નહિ, જન્મથી નથી. પણ જડબાતોડ જવાબો અપાતા હોય તો એ વહેલા બોલતા બંધ થઈ ગયા હોત. લત્તે લત્તે, શેરીએ શેરીએ એક એક આવા જવાબો આપનારા આપણે ઊભા કરવા છે. એ સાંભળી પેલાને બોલતા બંધ જ થઈ જવું પડે - સંસારને અસાર તથા સંયમને સુંદર માનનારો અને એકાંત સુખ મુક્તિમાં જ માનનારો ઘર દીઠ એક તો જોઈએ જ. એ ફોજ ઊભી કરવાની છે. એ કહી જ દે કે સંસારની અસારતામાં શંકા શી? પ્રત્યક્ષ છે. સંયમની સુંદરતામાં બે મત હોય જ નહિ; અને સુખ તો મુક્તિમાં જ નિશ્ચિત છે, એમાં ચર્ચાને અવકાશ જ નથી.

ભાટ બનેલા સાધુઓ રોટલા માટે સાધુતાનું લિલામ કરે છે:

આ મહાત્મા કહે છે કે આ દૂષમકાળમાં ગુરુ ભાટ થયા. હું તો સંભાળી સંભાળીને બોલું છું પણ આ મહાત્મા તો બહુ કડક કહે છે. હું કડક નથી કહેતો કારણ કે સાંભળવાની તમારામાં તાકાત નથી આવી પણ આ મહાત્માએ તો પૂરું જ કહી નાખ્યું છે. એ કહે છે કે એવા ભાટ થયેલા ગુરુઓ શ્રાવકની સ્તુતિ કરી દાનાદિક લે છે. જૈનશાસનમાં સાધુઓને **મુધાદાયી મુધાજીવી** કહ્યા છે. **જૈન સાધુની ધર્મદેશના પણ પૌદ્ગલિક સ્વાર્થ વિનાની હોય.** સાધુ અન્નાદિક લે ત્યાં પણ ધર્મલાભ જ આપે. કલ્પ્ય હોય તો લે. પેલો ન આપે અગર ન મળે તો જે મુદ્રાએ ત્યાં પેઠો હોય તે જ મુદ્રાએ પાછો નીકળી જાય. પણ ત્યાં પેલાની નિંદા કરવા ન બેસે.

ભાટ સાધુઓ સાધુપણાને કલંક લગાડે છે. સ્તુતિ ઈચ્છનારા શ્રાવકો પોતાના શ્રાવકપણાનું લિલામ કરે છે. એવા સાધુઓ શ્રાવકને તેની ભૂલ ન બતાવે પણ ધર્મવીર, કર્મવીર, દાનવીર, શૂરવીર એવાં એવાં બિરુદો આપે એમાં નવાઈ નથી. એવા સાધુ અને શ્રાવક કેવા છે તે બતાવતાં આ મહાત્મા કહે છે કે - ઊંટના વિવાહમાં ગર્દભો ઊંટને કહે છે કે વાહ! શું આપનું રૂપ છે? ત્યારે ગર્દભોને ઊંટ કહે છે કે વાહ! શું આપનું ગીત છે? આમ પરસ્પરની મિથ્યા પ્રશંસામાં રાચતા એ સાધુ અને શ્રાવક બન્ને શાસ્ત્રના તત્ત્વને નહિ સમજતાં ભવસાગરમાં ડૂબે છે.

આ આક્ષેપ કોઈ અમુક ઉપર નથી એ સમજી રાખજો. આવું જે કરે તે બધાને લાગુ પડે છે. અમે કરીએ તો અમે પણ એવા. જે કરે તે તેવા. તમે કરો તો તમે પણ તેવા. એમ રોટલા માટે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા આઘી મૂકે તે સાધુ, સાધુ મટી ભિખારી બને છે. રોટલાના ટુકડા માટે કોઈને દાનવીર તો ભિખારી કહે; સાધુ તો 'ધર્મલાભ' જ કહે. કિંમત રોટલાની કે આજ્ઞાપાલનની? આજ્ઞાપાલનમાં રોટલા નથી? 'રોટલા આપનારના આધારે સાધુ જીવે છે,' એમ બોલનારા જૈનશાસનના સિદ્ધાંતનો નાશ કરે છે. ઈતરો પણ માને છે કે જૈનશાસનના સાધુઓ તો પરમ ત્યાગી. એવા ત્યાગી સાધુઓ ઉપર ગૃહસ્થો આજ્ઞા ચલાવે? અને તે પણ પોતે એમને રોટલા વહોરાવે છે માટે? ગૃહસ્થો માટે તો એ વિધિ છે કે સાધુને લેવા જવા, મકાનમાં આવે તો ઊભા થવું, 'પધારો' કહેવું, આસન આપવું, વંદન કરવું, તમામ ચીજો એમની પાસે ધરી 'અનુગ્રહ કરો' એમ કહેવું, મુનિ જે ચીજ લે તેમાં આનંદ થાય, ન લે ત્યાં ખેદ થાય, પછી સાધુને મૂકવા જાય. આ બધો વિધિ જ્યાં હોય ત્યાં તેમની પર આજ્ઞા હોય?

આ બધી વાતો તમે બરાબર સમજો. જેઓ એવી વાતો ચલાવતા હોય તેમનાથી સાવધ રહો. જ્ઞાનીઓ ગમે તેવી પ્રવૃત્તિને ધર્મ નથી કહેતા. જ્ઞાનીઓ તો ધર્મ તેને જ કહે છે કે જે દુર્ગતિમાં પડતાં બચાવે અને સદ્ગતિમાં સ્થાપન કરે.

શ્રી સંઘમેરૂની મેખલાનું વર્ણન કરતાં એ ધર્મના વિષયમાં આગળ શું ફરમાવે છે હવે પછી.

(ક્રમશઃ)

સમતાઃ

(વૈશાખ વદ ૫ - તા. ૧૭.૫.૧૯૩૦ શનિવાર)

(અવતરણકાર શ્રી ભીખાભાઈ છગનલાલ શાહ)

(સંગ્રહકારઃ સ્વ. ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી હેમભૂષણ સૂરિમહારાજા)

- **બંગલામાં રહી જાણશો તો એ બંગલા-બંગલા રહેશે, નહિ તો એ બગલા બની જશે.**
- **આજે મોહને પ્રેમ કહેવામાં આવે છે. વિશુદ્ધ પ્રેમ હોય ત્યાં દેહની મમતા ન હોય.**
- **આજે વાણીનો વ્યભિચાર ચાલે છે. નામ આદર્શ પ્રેમનું અને ક્રિયા તમામ વિકારની છે.**

(૧૨)

(ગતાંકથી ચાલુ)

અર્થ - કામની સાધના માટે સઘાતી નીતિને ધર્મ માનવા આ શાસ્ત્ર તૈયાર નથી, અર્થ કામ માટે નીતિ પાળો છો એ રીતે ધર્મ માટે પાળો તો નીતિ એ ધર્મ. **શ્રી મુનિસુંદરસૂરિજી મ.** એ કહ્યું કે જગતમાં સઘળા કામના પૂજારી છે. એ સૌ ભણેલા છે. કામ એટલે પાંચ ઈંદ્રિયોના તમામ વિષયોનો ભોગવટો. આંખે જોવાય, નાકે સુંઘાય, કાને સંભળાય, જીભે સ્વાદ લેવાની વસ્તુ અજ્ઞાની પણ જીભ પર મૂકે, કોઈએ નાકે લગાડવાની ભૂલ કરી? જોવા માટે કોઈએ આંખ મીંચી? એ તો વગર નીશાળે ભણેલા છે. અનાદિના એ સંસ્કાર છે. કામ બધા જાણે છે, અધમમાં અધમ આત્મા તે કે જે કેવલ કામના રસીયા છે. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું અને કેવલ મોજશોખ જ માણવા આ વિચારના આત્મા અધમ કોટિના છે, અને મોટી સંખ્યા એની છે. જ્ઞાનીમાંથી પણ થોડો નંબર ત્યાં ખરો. અર્થને જાણનારા એથીયે થોડા. કામથી ખસ્યા એટલા એ યોગ્ય. અર્થ જાણનારથી કર્મ જાણનાર થોડા. અર્થ જોઈયે પણ ઉદ્યમથી મેળવવું, હરામનું ન ખપે, આવી ભાવનાવાળા કર્મને જાણનાર થોડા. અર્થનો બહુ લોભી કામની દરકાર નથી કરતો. એ ખાવાના પણ સ્વાદ ન કરે. આજના શેઠીયા શાંતિથી જમે નહી. જમતાયે ટેલીફોન હાથમાં હોય. અર્થને જાણનારો કામમાં ચોંટ્યો હતો તે ત્યાંથી ખસ્યો એટલો યોગ્ય થયો. હવે એ ખસી શકે એવો થયો. પોતાને મળેલી ચીજનો સદુપયોગ કરવા દાનાદિ ધર્મ કરવાની ભાવનાવાળા કર્મ જાણનારથીયે થોડા.

આ શાસ્ત્રકાર હજી આગળ વધ્યા. પોતાને મળેલું તે મારૂં નથી, મોહના યોગે મેળવ્યું છે, મોહ જતો નથી, મમતા છૂટતી નથી. મોહ ક્યારે છૂટે એ ભાવનાથી દાનાદિ ધર્મ કરે એવા, પેલા ધર્મ જાણનારથીયે થોડા. લાખ મળે તો દશ હજાર દાન દઈયે તો ઠીક. દાની કહેવાઈયે, આ ભાવનાથી લગભગ ઘણા દાન દે છે. પણ લાખને બોજારૂપ માની, આત્મા માટે એને અંકુશરૂપ માની, એની મમતા છૂટે નહિ ત્યાં સુધી આત્માની મુક્તિ નથી એમ માની તથા એકદમ લાખ છોડવાની શક્તિ નથી માટે મમતા છોડવા માટે થોડું થોડું છોડવાની બુદ્ધિએ દાન દેનારા એથીયે થોડા છે. એ બુદ્ધિએ દાન દેવું તે સાચો ધર્મ છે, પાંચસે મેળવવા માટે પાંચ દેવા તે ધર્મ નથી. આજનો પાંચ દેનાર એની પાસે ચક્રવૃદ્ધિ વ્યાજ ગણી પચાસ જેટલું કામ લે, અને જ્યારે મળે ત્યારે પાંચ સંભારે અને કહે કે 'ઉપકાર ભૂલી ગયો?' ઉપકાર એ પોતે યાદ રાખે કે આપનારે યાદ રખાવવો? દેવું માત્ર એ દાન નથી, જો એમ હોય તો તો શેઠીયા બધા મોટા દાતાર છે કેમકે લાખો રૂપીયા એ બેન્કને આપે છે, બમણા તો બારે વર્ષે થવાના છે. પણ આજ તો આપે છે ને? દાન, શીલ, તપ, ભાવ બધામાં હેતુ વિચારવા જોઈયે. પાંચ આપી પાંચસેં મળે એ ભાવના છે ત્યાં દાન નથી. જેઓ નથી કરતા તેના કરતાં ઓધ ધર્મ કરનારા સારા એ તો કહી આવ્યા પણ હવે તો આગળની વાત કરીયે છીયે. આઠઆના કમાનાર પાસે સો કમાનારો શ્રીમાન, પણ લક્ષાધિપતિ પાસે એ શ્રીમાન નથી. લક્ષ્મી પરની મમતા છોડીને દે એ દાન, તે સાચો ધર્મ છે. અને તેમાં જે આનંદ ઉલ્લાસ આવશે તે ત્યાં નહિ આવે. લાખની મમતા ભલે ન છૂટે પણ પાંચની જ મમતા છોડનાર પરિણામે લાખની મમતા છોડી શકે છે. પુણ્યોદયે એને પાંચ લાખ આવી મળે તો એ લાખોની મમતા છોડી શકે છે. જેઓ મમતા છોડવાની બુદ્ધિથી દાન દે છે, તેની પાછળ લક્ષ્મી, મધપૂડાની પાછળ મધમાખની જેમ ભમે છે. પેલો ના પાડે તોયે ત્યાં લક્ષ્મી આવે, છતાં એ ધર્મી એમાં મુંઝાય નહિ. લક્ષ્મી આવવાથી એ મુંઝાય નહિ અને લક્ષ્મી જવાથી એ ગભરાય નહિ. આજે લક્ષ્મી આવે તો આંખ બેની ચાર થાય છે, પછી જમીન નીચી લાગે છે, બૂટ એડીવાળા જોઈયે છે, અને લક્ષ્મી જવાથી એની હાલત ભયંકર થાય છે. લક્ષ્મી આવે ત્યારે એ જમીન પર પગ પછાડે અને જાય ત્યારે માથું પછાડે, એને સુખ મળે જ નહિ. ધાડની બૂમ આવે તો મારવાની જ ભાવના. કોઈને પાંચ રૂપીયા આપ્યા હોય તો એ ગોખ્યા કરે. લક્ષ્મી જાય ત્યારે એની હાલત પાગલખાનામાં પૂરવા જેવી થાય છે. છોડવાની બુદ્ધિથી દાન દેવાય ત્યાં લક્ષ્મી ધસારાબંધ આવે છે. એવો ધર્મી લક્ષ્મી આવવાથી મુંઝાય નહિ. લક્ષ્મી આવે તો પુણ્યોદય માને,

અને જાય તો પાપોદય માને. લક્ષ્મીને પોતાની માને નહિ પછી દુઃખ થાય શાનું?

બંગલામાં રહી જાણશો તો એ બંગલા રહેશે, નહિ તો બગલા બનશે. આ બધું મારૂં નથી એમ માનવા તૈયાર છો? આજ તો શીખામણના શબ્દો કડવા લાગે છે. કહે છે કે 'અમને આમ કેમ કહે છે?' શાસ્ત્ર કહે છે કે તું એવો છે કે નહિ એ વિચાર. નામર્દને બાયલો કહે તેમાં એ ગુસ્સો કરે એથી ફાયદો શો? જુઠું બોલનારો એને કોઈ જુઠ્ઠો કહે એથી ચીડાય એનો અર્થ શો? એનો એકજ અર્થ કે એ પોતાની જાતને છૂપાવવા માંગે છે. ખરાબ જાતને સારી જાત તરીકે ઓળખાવવાની બુદ્ધિ, એ મહા અધર્મ છે. 'મારી આવક પહેલી જોઈને હું કામ કરવાનો, હું વેપારી છું, ચાર દુકાને તપાસ કરજે, મેં ઉપકાર માટે પેઢી નથી ખોલી' આવું કોઈ વેપારીએ ગ્રાહકને કહ્યું? આજ તો કહે છે કે 'ખોટું બોલું તો ભગવાન વચ્ચે, પડતર ભાવે આપું છું. તમારા જેવા સંબંધી પાસે વધારે ભાવ લેવાય?' ભરતીયાં પણ બે રાખે અને ઉપરથી કહે કે 'મને ધર્મ વ્હાલો નથી? પૈસા માટે જુઠું બોલવામાં તો મહાપાપ છે,' આવી તો સુંદર વાતો કરે. આવાને જુઠ્ઠો કહે અને એ ચીડાય, એ ધર્મને યોગ્ય ગણાય? એને ધર્મ મળે? એને તો એમ થવું જોઈયે કે 'બધે ફર્યો પણ આવું કહેનાર કોઈ ના મલ્યો! સુધરવું હોયતો તેને ત્યાં જવું જોઈયે. કુટુંબ વિગેરેમાં બધે મોહજાળ આવી છે. બાપ દીકરાને કહે છે કે, 'તારા વડે હું, તારા વિના મરી જાઉં છું.' આ બધું સાચું છે? બાળકને કહેવું જોઈએ કે; આ દૂધ મફત નથી પાતા, બદલો લેવાનો છે. મા બાપ તો નિઃસ્વાર્થ પ્રેમી અને પરોપકારની મૂર્તિ માનો છોને? મા બાપના ઉપકારની અવગણના કરવાની અહિં વાત નથી. મુદ્દો એ છે કે એ નિઃસ્વાર્થ ઉપકારી છે? નાનાં બચ્ચાંને સૌ તેડે ત્યાં નિઃસ્વાર્થ ઉપકાર છે કે બીજી કાંઈ વાસના છે? અમુક વય સુધી બાળકને બધા માથે, ખભે અને બધે બેસાડે, માતા ભોંય ન મૂકે પણ ખોળામાં જ રાખે કારણ કે કોમળ લાગે અને ભાર ન લાગે માટે મોજ લેવાય તેટલી લે, પછી મોટો થાય એટલે એમાં ફેરફાર થાય એનો હેતુ? બધે આ રીતે સમજવું. સ્ત્રી પોતાને ઈષ્ટ મળે માટે પતિને રાજી રાખે, અને પત્નિના રાજીપામાં પતિ મજા માને. પત્નિને રાજી ન રાખે તો મજા ન મળે માટે જ એને રાજી રાખે. આ બધા પરમાર્થી? આવો મોટો દુર્ગુણ નીકળી જવો જોઈયે. જાતને હોય તેવી જોતાં, સાંભળતાં શીખે અને સુધરવાના પ્રયત્નમાં પ્રવૃત્તિ કરે તે ધર્મ માટે લાયક છે. સામાન્ય સમજ તો સૌને હોય છે, તીર્યંચ પણ એટલું તો રાખે છે. કુતરાં પણ પોતાની શેરી સાથે મેળ રાખે છે. પોતાની સ્થિતિમાં જીવવાનો તો સૌનો પ્રયત્ન છે પણ આ તો સારૂં જીવન જીવવાની વાત છે. એવું જીવન જીવો કે ફરી જન્મ મરણ ન મળે. વાત એ કરવી અને અહીં ને અહીં અટવાવું એ ચાલે? સાચો આસ્તિક તે કે જે દરેક ક્રિયા કરતાં પહેલાં પુણ્ય પાપનો વિચાર કરે, પાપથી કંપે, પુણ્યમાં આનંદ પામે.

પ્રશ્ન: કુટુંબ પ્રેમ, દેશ પ્રેમ, વિશ્વ પ્રેમ, એમ ક્રમ ખરો?

હજી પ્રેમ છે જ ક્યાં? મોહને પ્રેમ ન કહો. જે બાપને દીકરાના આત્માનો પ્રેમ નથી, એને દુનિયા પર પણ તે પ્રેમ આવવાનો નથી. સૌને ખોખાનો પ્રેમ છે. સાચું સાધ્ય છે ક્યાં? આત્માનો પ્રેમ હોય તો પોતાના બાળકને હાથમાં લેતાં મા બાપને એમ થાય કે આ કદી પાપમાં ન પડે! એ ખોખું બાલક છે પણ પ્રેમ વ્યક્તિ (આત્મા) પ્રત્યે જોઈયે. એવું પણ બને કે પોતાના જીવતા બાલક મરે તો બાળી આવવું પડે, માટે ખોખાનો પ્રેમ નકામો છે. પ્રેમ આત્માનો જોઈયે. શરીરપર પ્રેમ તો તીર્યંચને પણ છે, પણ મનુષ્ય તરીકે, ધર્મી તરીકે, જૈન તરીકે, અનંતજ્ઞાની વીતરાગના અનુયાયી તરીકે કયો પ્રેમ જોઈયે? દૂધ પણ પાતાં એને એવા સંસ્કાર પાડે કે એ બાલક મરતાંયે જૂઠું ન બોલે. આજે મોહને પ્રેમ કહેવામાં આવે છે. વિશુદ્ધ પ્રેમ હોય ત્યાં દેહની મમતા ન હોય. બે ભેગા મળે ત્યારે બંધન ક્યારે છૂટે અને સન્માર્ગે ક્યારે જવાશે એ વિચારે. આજે તો ગોષ્ઠી, ચેષ્ટા, અભિનય તમામ જુદાં. એક પટીયાં પાડે અને એક ચોટલો ઓળે અને પછી નામ આપે આદર્શ પ્રેમનું. આજે શબ્દનો વ્યભિચાર ચાલે છે, ભાષાનો વ્યભિચાર ચાલે છે, નામ આદર્શ પ્રેમનું અને ક્રિયા તમામ વિકારની છે. ચાર દીકરા હોય તેમાં એક સોનો કમાનાર, એક પોણોસોનો કમાનાાર, એક પચીસનો કમાનાર અને એક લંગડો ઘરે પડી રહેનાર હોય. એ ચારેના ભાણામાં ચીજ જૂદી જૂદી જ પડે. સો કમાનારો ગમે તેમ બોલે તો બધા સહે અને લંગડાને તો બધા ઉલટો અદ્ધર ઉડાડે, કેમકે એને તો બધાએ બોજારૂપ માન્યો છે. પરદેશથી દીકરો આવ્યો હોય તે જો ખાત્રી હોય કે કમાઈને લાવ્યો છે તો તો સામે જાય. અને શરીર કેમ છે વિગેરે પૂછે અને ખબર મળે કે વગર કમાયે કે ખોઈને આવે છે તો સામે પણ ન જાય. 'પોતાના પરદેશ વસતા દીકરાને કોઈ મા બાપે અનીતિ ન કરવા લખ્યું? જે મળશે તેમાં સંતોષ માનશું, લુખે ચલવશું પણ અનીતિ ન કરતો' એમ કોઈયે લખ્યું? એવી સલાહ કોઈએ આપી? આ આદર્શ પ્રેમ છે? પરદેશ જાય ત્યારે કંકુના તિલક કરીને મોકલે અને વગર કમાયે આવે તો? પ્રેમ અને મોહ એ બેને ભેળા ન કરો, સ્વાર્થ અને પરમાર્થનો ખીચડો ન બાફો, વસ્તુને વસ્તુના સ્વરૂપે રહેવા દો તો કોઈ દી પામશો, તમે ન પામો તો કોઈ પામે એવું તો રાખો, જેના યોગે કોઈ દી' તમે પણ પામો. બધું ભેળવશો તો કોઈ પણ નહિ પામે. ખાણમાંથી હીરા તો ઝવેરી લાવે, પણ રત્ન તથા કાચ અલગ કરે તો બધા રત્ન લાવે, ભેળા રાખે તો મૂર્ખા તો કાચ જ લાવે કેમકે એમાં મોં દેખાય; પછી ઘેર આવીને ભીખ માગે.

જે ચીજ જે રીતે છે તે રીતે રહેવા દો તો કદી મુંઝવણ ન થાય, પોતાની જાતને સારી બતાવવા ધર્મના સાધનોનો અધર્મમાં ઉપયોગ કરી એને અધર્મમય ન બનાવો. આત્મસિદ્ધિના ગુણ ક્ષુદ્ર ચીજ માટે ન હોય. ચીંતામણી પાસે મુઠ્ઠી આટો ન મગાય, એને પણ દુઃખ થાય કે આ પાપાત્મા ક્યાંથી મલ્યો? અહિંસા, સત્ય, સંયમરૂપ ધર્મ પાસે શું

મગાય? શું એનાથી સધાય? સો રૂપીયાના મુનીમને કદી શેઠ કચરો કાઢવાનું કહે તો એ ડાહ્યો હોય તો કાઢે તો ખરો પણ બીજે ઓછા પગારે નોકરી ગોતવાનો એને વિચાર જરૂર થાય. અહિંસા, સત્ય, તથા સંયમરૂપ ધર્મ પાસે અર્થ કામ મંગાય? ક્ષમાદિ તમામ આત્મગુણોથી અર્થ કામની સાધના ન થાય. આ તો હીરા પથરા સાથે ખપી રહ્યા છે. કસાઈ પણ 'અહિંસા પરમો ધર્મ' કહી દે, ભલે ને રોજ પાંચ પચાસ પ્રાણીને કાપતો હોય એ આજે દશા છે.

પોતાનો સ્વાર્થ સરે એવા દેવગુરૂ ધર્મને આજના લોકો બનાવવા માગે છે. દેવને પણ ચમત્કારી છે કે નહી એ પૂછે. ચમત્કારી હોય તો પૂજવા આવે. શાસ્ત્ર કહે છે કે એ પૂજવા નથી આવતો પણ પૂજા કરાવવા આવે છે. ગુરૂને પણ એ લોકો કહે છે કે - 'અમારા વ્યવહારની ચીંતા ન કરો તો ગુરૂ શાના!' શાસ્ત્ર કહે છે કે ધર્મગુરૂ એ કાંઈ ન જૂએ, માત્ર તમે ધર્મી છો કે અધર્મી એ જ જૂએ. ધર્મગુરૂ વેપાર કરવાનું ન કહે. અર્થકામમાં મુંઝાયેલાને એની મમતા છોડાવી ત્યાગ માર્ગે લાવવા માટે અનંતજ્ઞાનીએ ધર્મતીર્થની સ્થાપના કરી અને ગુરૂને એ માટે નીમ્યા. ગમે તેવા સંયોગમાં ગુરૂ બીજું ન જ કહે. અયોગ્ય માર્ગે ગયેલાને અયોગ્ય માર્ગનું ભાન કરાવી યોગ્ય માર્ગ જ બતાવે. ધર્મ પણ યોગ્ય અને અયોગ્ય વસ્તુને તે તે સ્વરૂપે બતાવે, આ ત્રણમાં આપણે જેટલો બગાડો કરીયે તેટલી આત્માને હાનિ છે. પૈસા માટે દેવ ગુરૂ ધર્મને સેવાય? તો સોદો થાય, પછી સેવા ન રહે. ધનતેરસે ધનપૂજામાં બરાબર મૂહરત જુએ, ગાયનું ચોખ્ખું દૂધ લાવે અને જોષીને પણ પાસે બેસાડે અને ભગવાનની પૂજામાં? ત્યાં તો ફુરસદ હોય તો પૂજા થાય એમ કહે. આડતીયો આવે તો એની પાછળ ફરે અને સાધુ આવે તો જવાય તો ભલે નહી તો કાલ પર પણ રાખે. વેપાર ટાઈમસરજ કરે અને સામાયિકાદિ તો થઈ પડશે એમ કરીને ન પણ કરે. વેપારમાં તો કહી દે કે પૈસા વિના જીવન નથી - ધર્મ વિના જીવન ખરૂં? શાસ્ત્ર તો કહે છે કે ધર્મહીણું જીવન એ જીવન નથી. આ લોકોએ તો નીતિનું વાક્ય લીધું કે સર્વેગુણા= કાંચનમાશ્રયન્તે, પણ શાસ્ત્ર પૂછે છે કે કાંચન પણ આવ્યું ક્યાંથી? દૂધના સંગ્રહ વિના ઘી મળે? એમાં પરિવર્તન કર્યા વિના ઘી ન મળે. પરિવર્તન પણ જેવું તેવું નહિ. એના નામમાં, રૂપમાં, રસમાં, વર્ણમાં બધામાં ફેરફાર થાય, કુચા છૂટા પડે, માખણને તાવડે ચઢાવાય ત્યારે ઘી થાય. વલોણામાં દમીયલ ન ચાલે, પાડોશી જાગે એની ચિંતા ન કરાય. કાછોટાવાળીને બેયજણા જોરથી વલોણું કરે. રવૈયો પણ મજબૂત ખીલે બાંધે. પાડોશીથી ઘોંઘાટ ન સહાય તો ત્યાંથી ચાલ્યા જવાનું એમને કહેવું પડે પણ ઘી બનાવવાની ક્રિયા ન છોડાય. એ માણમાં ગરમ ધગધગતું પાણી નાખવું પડે, અણુએ અણુએ ક્રિયા થાય ત્યારે ઘી થાય. અનંતાનંત કર્મના અણુથી દબાયેલા આત્માની શક્તિ પ્રગટાવવા કાંઈ નહિ કરવું પડે? એક આત્મા પોતાની શક્તિ પ્રગટાવવાનો પ્રયત્ન કરે તેમાં બીજો રૂએ કામ આવે? એ કાંઈ એને રોવાનું કહેતો નથી. આજે પર એ પર નથી દેખાતું એની પંચાત છે. મમતા છૂટતી નથી માટે ધર્મ પમાતો નથી, ધર્મ શુદ્ધ થતો નથી. તમે હો તેવા ઓળખાવ. તમને દાનવીર, શૂરવીર, ધર્મવીર કહે તો તમે શરમાઓ! ન હોય એવું કહેનારા ભાંડ,ભવૈયા તથા ભાટનો તોટો નથી, સત્યવસ્તુ કહેનારને ઓળખો. હો તેવા ઓળખાઓ તો ઉદયના દ્વાર આજે ઉઘડે. ચાર આઠ દીમાં ઉદ્ધાર થાય. તમને કડવું કહેવામાં હિત બુદ્ધિ છે, બાકી દુષ્ટ ભાવના નથી. તમે જો દુષ્ટ ભાવના માની ગુસ્સો કરો તો એ તમારે લેખે છે, અમારે લેખે તો ઓઘો છે. ધર્મ જાણનાર કરતા, મમતા ભાવના ત્યાગવાળા ધર્મને જાણનાર એથીયે થોડા છે? વધુ હવે પછી.....

(૧૩)

(વૈશાખ વદ ૬ - તા. ૧૮.૫.૧૯૩૦ રવિવાર)

પરોપકારી મહાપુરુષો પ્રાણીમાત્રના હિત ખાતર ફરમાવે છે કે - આખી દુનિયા પોતપોતાની પ્રવૃત્તિમાં તો મશ્ગુલ છે જ. જે જે વસ્તુ દુનિયાએ ઈષ્ટ માની છે ત્યાં તો પ્રાણીમાત્ર કોઈની પણ પ્રેરણા વિના યથેચ્છ પ્રવૃત્તિ કરે જાય છે. ભવ્યજીવોને ઉદ્દેશીને પરમ ઉપકારી **શ્રી મુનિસુંદરસૂરિ મ.** ફરમાવે છે કે - તમે એવી ક્રિયામાં પ્રવૃત્તિ કરો કે જેમાં આ લોક અને પરલોકનું-ઉભયનું હિત સધાય. કેવળ આ લોકની હિતકર વસ્તુમાં પરલોકના હિતનો નિશ્ચય નથી; જ્યારે પરલોક હિતકર વસ્તુમાં આ લોકનું હિત નિયમા છે. માટે જો પ્રયત્ન કરો તો એવો કરો કે જેના પરિણામે પરલોક સુંદર બને અને સહેજે સહેજે આ લોકની પણ સાધના થઈ જાય; પણ એવી પ્રવૃત્તિમાં જીવનને ન રોકો કે જેથી આ લોક ચિંતામય અને વિઘ્નમય બની જાય અને પરલોક સાધનહીન બને.

આ ઉપદેશ મહાપુરુષો ભવ્યોને આપે છે. કેમકે, યોગ્યતા ન હોય તેને ઉપદેશ આપવો નકામો છે. જેમનામાં યોગ્યતા જ નથી, આ લોક વિના બીજી ચિંતા જેમને સ્પર્શી શકતી નથી, પરલોક પર જેમની દૃષ્ટિ જ પડતી નથી, પોતે ક્યાંથી આવ્યો, પોતાને ક્યાં જવું પડશે, પોતે શું કરવું જોઈયે એનો જેને ખ્યાલ નથી અગર એની જેને ચિંતા જ નથી, અને કેવળ વર્તમાનકાળમાં પોતાના સામે રહેલી વસ્તુમાંજ પ્રવૃત્તિ કર્યા કરે અને એમાં જ મશ્ગુલ રહે, એને માટે જ ખટપટ કર્યા કરે, તેને સમજાવવા તો શ્રી જિનેશ્વરદેવો પણ પરિશ્રમ ન કરે, કેમકે, એવાને તો એ પરમ તારક પણ સુધારી શકતા નથી.

શ્રી જિનેશ્વરદેવની દૃષ્ટિ જૂદી છે. જેનું ભવિષ્ય સુંદર હોય એવી ક્રિયા વર્તમાનમાં કરડી હોય તો પણ એ તારકોને મૂંઝવણ ન થાય. મોટી શહેનશાહતોના માલિકોને એમણે મુગટો ઊતરાવી ભિક્ષા માગતા કર્યા. મોટા સુખમાંથી ભયંકર તકલીફમાં મૂક્યા, કેમકે, એ મહાપુરુષની દૃષ્ટિ જુદી હતી. કેવળ આ લોકની સાધનામાં જ પડી રહેવાય અને એ જ કાર્યવાહીમાં જીવન પૂરૂં થઈ જાય, તો એ જ્ઞાની પરિણામ ભયંકર દેખે છે. એમણે કષ્ટ વેઠીને પણ ધર્મ કરવાનો

કહ્યો, જીવને જોખમમાં મૂકવો પડે તેની દરકાર ન રાખી, ખાનપાન પર અંકુશ મૂક્યા, વસ્તુમાત્રમાં હેય ઉપાદેયનો વિવેક કરાવ્યો, એનું કારણ? શા માટે પ્રાણીમાત્રને ઈચ્છાનુસાર વર્તવાની છૂટ ન આપી? એ જ્ઞાની ભવિષ્ય જોતા હતા. એ મહાપુરુષની ઉપકારદૃષ્ટિની વિશાળતા ન સમજાય ત્યાં સુધી એમણે કહેલી એક પણ આજ્ઞા અંતરમાં જચે નહિ.

શ્રી મુનિસુંદરસૂરિ મહારાજા ફરમાવે છે કે – ધર્મ, અર્થ, કામ એ ત્રણ વર્ગમાં સારભૂત ધર્મ જ છે, માટે એને માટે ઉદ્યમ કરો. મોક્ષ તો સાધ્ય છે. ધર્મ સારભૂત અને અર્થકામ અસારભૂત છે. શ્રી જિનેશ્વરદેવનાં શાસનમાં અસારભૂત વસ્તુ હેયકોટિમાં છે. મુક્તિ પણ સારભૂત ધર્મથી જ મળે છે અને અર્થ કામ મળે છે, તે પણ એ ધર્મને જ આભારી છે. મુક્તિની વાત તો દૂર રહી પણ અર્થકામ પણ જેને જોઈતા હોય, એની આશા પણ જેને જીવતી જાગતી હોય, તેને પણ મને-કમને ધર્મના આશ્રય વિના છૂટકો નથી, એ વાતમાં આખી દુનિયાની સામાન્ય પ્રજા પણ સાક્ષી પૂરે છે. દુઃખ આવે ત્યારે લોકો કપાળે હાથ મૂકીને બોલે છે કે – 'નશીબ નથી, પૂર્વે પુણ્ય કર્યા વિના ક્યાંથી પમાય? પાપીને વળી સાહ્યબી મળે ક્યાંથી?' અજ્ઞાનથી નીકળતા શબ્દો પણ મૂળવાતના દ્યોતક છે. જાણે અજાણે પણ સાચી વસ્તુ દુનિયાના મુખમાં આવી જાય છે. એનું રહસ્ય સમજીને રીતસર અમલ થાય. તોવસ્તુ ફરે અને જીવનમાં જરૂર પલટો થાય.

આજે કેટલાક રૂપેરંગે રૂડારૂપાળા માણસોને બેસવા જગા મળતી નથી અને ખાવા અનાજ મળતું નથી. એ પણ માણસ છે અને તમે પણ માણસ છો. તમને રહેવા બંગલા, ખાવા માટે સમયસર પાટલા ગોઠવાય, ગરમાગરમ રસોઈ મળે, બેને બદલે બાર ચીજ ભાણામાં આવે અને પેલા રૂડારૂપાળાને કશું ન મળે, એનું કારણ? એ ઉદ્યમ કમ કરે છે એવું ન માનતા. ઉદ્યમ તો તમારા ઉદ્યમને પણ ટપી જાય તેવો કરે છે. છતાં નથી મળતું તેનું કારણ વિચારો તો સમજાય અને ધર્મ નજરે દેખાય. જેના યોગે મળ્યું એની સેવા ભૂલવી એ કેટલી કૃતઘ્નતા? જ્યાંથી ફળ મળે એના મૂળના સડાની ચિંતા જ ન કરે એને તમે કેવો કહો? જે ધર્મના યોગે આર્યદેશ, આર્યજાતિ, આર્યકુળ વગેરે મળ્યાં ત્યાં સાહ્યબીના ભોગવટામાં પડી ધર્મને જ વિસરો તો તમે કૃતજ્ઞ કે કૃતઘ્ન? બેમાંથી કઈ કોટિમાં આવો? આ બધું માનો છો? આ બધું ધર્મના યોગે મળ્યું છે. વાતવાતમાં કહો કે – 'નવરાશ નથી, કામના બોજ ઘણા છે, ધર્મ તો છેલ્લી ઘડીએ થાય' તો કહેવું પડશે કે જેનાથી આ બધું મળ્યું તેની કિંમત નથી, તેનું જ્ઞાન નથી અને જ્ઞાન છે તો અધૂરૂં છે. અને માટે જ આ મનુષ્યજીવનમાં કરવા જોગી કાર્યવાહી રહી ગઈ. આજે સવારથી સાંજ સુધી મનુષ્યજીવનની સાધનાનો કાર્યક્રમ તપાસો તો અર્થ-કામ અને શરીરની સેવા સિવાય ચોથું દેખાય છે? મનુષ્યજીવન સર્વથી શ્રેષ્ઠ, એવી વાતો ઠામઠામ કરે અને એને માટે પોતાને પુણ્યશાળી માને પણ કોઈ પૂછે કે મનુષ્યજીવન ઊંચું શાથી? તો એનો કાંઈ જવાબ છે?

સાચા ખોટાંનો વિવેક પણ ન થય, મારૂં શું અને પર શું એ પણ ન સમજાય, ધર્મ તથા અધર્મનો ભેદ ન જણાય, સારભૂત ચીજ કયી અને અસારભૂત ચીજ કયી તે ન સમજાય, સેવ્ય-અસેવ્યનું સ્વરૂપ ન સમજાય અને એમ ને એમ સામાન્ય અજ્ઞાનીની જેમ દોડધામમાં મનુષ્યજીવન પસાર થાય તેમાં એ જીવનની ભવ્યતાની ખામી છે. આપણે સન્માર્ગે ન આવીએ એમાં એ મહાપુરુષોનો દોષ નથી – કલ્યાણસાધક તમામ વસ્તુ એ ઉપકારીઓએ તો જગત સમક્ષ મૂકી તથા હેય-ઉપાદેયનો વિભાગ પણ સ્પષ્ટ કરી બતાવ્યો, છતાં આપણી યોગ્યતાના અભાવે, એ કહેનાર પ્રત્યે પણ સદ્‌ભાવવાળા ન બની શકીએ તો એ દોષ એમનો નથી પણ આપણી ભવ્યતાનો છે. અનંત પુણ્યયોગે મળેલ મનુષ્યજીવન શી રીતે સફળ બનાવાય એ વિચારવા ચોવીસ કલાકમાંથી પા અરધો કલાક કાઢી ચિંતવવાની જરૂર છે. આપણે જેના તેના કે કોઈ રસ્તે ચાલતાના સેવક નથી પણ **શ્રી જિનેશ્વરદેવના** સેવક છીયે. સુનશીબે વગર જાણે પણ યોગ્યના સેવક બની ગયા છીએ. વગર સમજે પણ એવા જાતિકુળમાં જન્મ્યા છીયે કે – દેવ તે મળ્યા કે જેનું જીવન વાંચતાં તથા સાંભળતાં પણ રોમરાજી ખડી થયા વિના ન રહે.

જેમણે જીવન સાધના માટે પોતે સર્વસ્વ તજ્યું, એવા **શ્રી જિનેશ્વરદેવના** આપણે અનુયાયી છીયે. આ અવસર્પિણીમાં એવા ચોવીસ તીર્થંકરદેવ થયા, જેમાં છેલ્લા **શ્રી મહાવીર ભગવાન** થયા, જેમના મુખ્ય શિષ્યનું નામ **ગૌતમ સ્વામીજી** છે. **ભગવાન મહાવીરદેવનું** જીવન બાર મહિનામાં એક વખત નિયમા સાંભળી શકો એવી આ શાસનની પ્રણાલી છે, જો સાંભળતા હો તો? બાકી ત્યાં મરજીની વાત હોય તો તમે જાણો. લખનાર લખે, સંભળાવનાર સંભળાવે પણ મરજી ન હોય તો ન સાંભળીએ, એ તો આજનો સિદ્ધાંત છે ને? શૈલી તો એવી મજેની છે કે બાર મહિને આખું જીવન એક વાર અખંડિતપણે કહેવામાં (સંભળાવવામાં) આવે છે; અને એમાં લેવા યોગ્ય ચીજો બધી બતાવવામાં આવી છે.

શ્રી જિનેશ્વરદેવના જીવનને જાણવા છતાં, આવા દેવના સેવક તરીકે પેદા થયા છતાં, પોતાના જીવનમાં સુધારો ન દેખાય, ઈતરથી પણ નીચા જ રહેવાય, પોતાનું જીવન જરા પણ ઊંચી દશા ન પામે, તો એમાં ખામી દેવાધિદેવની નથી પણ આપણી પોતાની છે. સાક્ષાત્ **શ્રી જિનેશ્વરદેવ** પાસે જનારા પણ નથી સુધર્યા ત્યાં ખામી એ નામદારોની જ છે. જે દેવે રાગદ્વેષને સંપૂર્ણ જીત્યા છે, રાગદ્વેષને જીતવા માટે જે દેવે સંપૂર્ણ રાજઋદ્ધિનો પરિત્યાગ કર્યો છે, સાડાબાર વર્ષ એકાકીપણે વિચરી, ઉપસર્ગ-પરિષહો સહી, ઘોર તપ તપી, આત્માના સઘળા કર્મમળનો જે દેવે નાશ કર્યો છે, અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી કેવળ આપણા સુખને માટે એક અનુપમ માર્ગ બતાવ્યો છે, તે પણ ન જાણીએ તો આપણે કેટલા બેદરકાર છીયે?

મોટી પેઢીનો મુનિમ શેઠનો વેપાર, વહેવાર, રીત, રિવાજ, આવક જાવક વગેરે કાંઈ ન જાણે? જેની નોકરી કરે તે શેઠનું કે ઓફીસરનું નામ ન જાણે તે ચાલે? જૈન હોય તે શ્રી જિનેશ્વેદેવની આજ્ઞા જાણે કે નહિ? આપણા દેવ કોણ? તો કહે કે 'ભગવાન મહાવીર.' બસ એટલું જ માત્ર જાણે પણ એમણે શું કર્યું? જૈન તરીકે આપણા માટે કયી આજ્ઞા કરી, તે ન જાણીએ અને જૈન તરીકે ઓળખાવતા ફરીયે તો એ નામોશી નથી? પોતાના ઘરની નાનીમોટી બધી ચીજ જાણે, તીજોરીમાં કેટલા પૈસા તે જાણે, લેણુંદેણું જાણે, એક નંબર ને બે નંબરમાં કેટલી રકમ તે જાણે, પણ પોતાના તારકે પોતાના માટે શું કહ્યું, એ ન જાણે, જાણવા અભ્યાસ પણ ન કરે, તો મનુષ્યજીવનની સફળતા શી? મનુષ્યજીવન મળ્યું માટે પુણ્યશાળી માની મલકાઓ, નાચી લો, પણ પછી? જવાનું નક્કી છે એ વાત માનો છો કે ત્યાં પણ શંકા છે? દિવસે દિવસે દશા એવી ભયંકર બને છે કે આ લોકની સાધનામાં પડેલા પોતાને - અમે કોણ? એ વાત ભૂલી જાય છે અને અમારે શું કરવું જોઈયે એનો સ્વપ્ને પણ ખ્યાલ નથી. દી ઉગે સેંકડો મરણ જુએ. જવાનું નક્કી એમ કહે, છતાં કાંઈ વિચાર જ નહિ એ શું? જૈન જાતિમાં જન્મ્યા એટલે મુક્તિ નીચે આવશે? જૈન કહેવરાવવામાં જેટલો પુણ્યોદય છે તેના કરતાં કોઈ ગુણો પાપોદય એની તરફ બેદરકારીમાં, જૈનત્ત્વને નિષ્ફળ બનાવવામાં છે.

જૈન શ્રી જિનેશ્વરદેવની પૂજા વિના રહે? કદી ન રહે. સાધુનો યોગ હોય તો જૈન વંદન વિના ન રહે. વ્યાખ્યાન તો જૈન સાંભળે જ. ચોવીસ કલાકમાં એ પા-અરધો કલાક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના મનનમાં એ કાઢે જ, અને બનતું આજ્ઞાપાલન એ કરે જ.

આજે જેઓ આ બધું નથી કરી શકતા તેઓનો જૈન કહેવરાવવામાં પુણ્યોદય છે તેનાથી અધિક પાપોદય છે. શેઠ કહેવરાવ્યા પછી શાહુકારી ન સચવાય તો શેઠ ન કહેવરાવ્યા કરતાં એ વધુ ખેદજનક છે. જૈન કહેવરાવ્યા માત્રમાં પુણ્યોદયની પૂર્ણાહુતિ ન માનો. સાધુ સાધુપણું લંઘે, શ્રાવક શ્રાવકપણું લંઘે, જૈન જૈનપણું લંઘે, તો તે એકેયની સફળતા નથી.

સંયમ લીધા પછી **ધન્ના-શાલિભદ્રજી** વર્ષો સુધી **ભગવાન** પાસે રહી શાસ્ત્રના પારગામી થાય છે. સંયમ આરાધે છે, ઘોર તપ તપે છે અને વર્ષો પછી રાજગૃહીમાં આવે છે. બંને સાથે **શાલિભદ્રજીની માતા**ને ત્યાં ભિક્ષાર્થે (માસખમણને પારણે) જાય છે. પણ ઘરના સૌ ભગવાન પધાર્યા હોઈ તેમને વંદન કરવા જવાની તૈયારી કરવામાં વ્યગ્ર હોઈ એમના પ્રત્યે કોઈનું ધ્યાન જતું નથી અને ઓળખતું પણ નથી. ભિક્ષાનો યોગ ત્યાં ન સધાયો, તેથી ત્યાંથી પાછા વળે છે. માર્ગમાં પૂર્વભવની માતા મળે છે તે દહીં વહોરાવે છે. દહીંથી પારણું કરી બંને જણા ભગવાનની આજ્ઞા લઈ સીધા વૈભારગિરિ ઉપર જઈ તડકાથી તપી ગયેલી ધગધગતી શિલા પર અનશન કરે છે. **શાલિભદ્રજીની** માતા ભગવાનને પૂછી ત્યાં બંનેને વંદન કરવા આવે છે. બત્રીસે વહુઓ સાથે છે. અનશનમાં રહેલા બંને મહાત્માઓને જોતાં મોહ ઉછાળો મારે છે. હૈયાફાટ રૂદન એવું કરે છે કે જે સાંભળતાં વનના પશુપંખીઓ પણ રૂદન કરવા લાગ્યા.

સભા૦: *દીક્ષા અપાવતી વખતે તો માતાનો આનંદ હતો અને અત્યારે વિલાપ?*

હા! મોહ ભયંકર છે. દીકરા તથા જમાઈને ધગધગતી શિલા પર સૂતેલા જોઈ મોહે ઉછાળો માર્યો. પૂષ્પની શય્યામાં પોઢનારાને આવી સ્થિતિમાં જોઈ જરૂર દુઃખ થાય. પણ એ દુઃખ મોહના ઘરનું છે. **શ્રી જિનેશ્વરદેવની** આજ્ઞા સમજનારને ત્યાં દુઃખના આંસુ ન આવે પણ હર્ષના આંસુ આવે.

ભદ્રામાતાને આ રીતે **વૈભારગિરિ** પર ગયા જાણીને **શ્રેણિક મહારાજા** તરત પાછળ પાછળ ત્યાં આવ્યા છે. **ભદ્રામાતાને** હૈયાફાટ રૂદન કરતા જોઈને તેઓ કહે છે કે - **'હે જગદ્વંદ્ય માતા! હે પૂજ્ય જનની!** આવા મહાન પુત્રની માતા થઈને આવા હર્ષના સ્થાને શોક કરવો એ તો આપના નામને કલંકરૂપ બને. **શાલિભદ્રના** માતા, અને **ભગવાન મહાવીરના** પરમ સેવિકા આ રીતે વિષાદ કરે?' આ સાંભળી માતા તુરત રડતા બંધ થાય છે. જૈન શાસન જુદી જાતનું છે. એ પુણ્યવાન એવા કે - ચેતવનારા પણ **શ્રેણિક મહારાજા** જેવા હતા. **'શાલિભદ્રની** માતાથી અહીં વિશાદ ન થાય' એવું એમણે સાંભળ્યું કે - તરત વિલાપ બંધ કર્યો. પત્થર જેવું કઠિન હૃદય બનાવી, હૈયુ શાંત કર્યું. પોતાના પુત્ર તથા જમાઈની સંયમની આરાધનામાં કરેલા વિઘ્નના પ્રયત્ન માટે એમણે ક્ષમા માંગી, અને બોલ્યા કે - તમે મહાન તપ આદર્યો છે તે **ભગવાન મહાવીરદેવના** શિષ્ય માટે સર્વથા યોગ્ય છે, એમાં કરેલ વિઘ્ન માટે હું ક્ષમા માંગુ છું. **ભગવાન મહાવીરદેવની** ભક્તા તરીકે મારે આ પ્રસંગે રડવું યોગ્ય નથી માટે મને ક્ષમા કરશો.

રામાયણનો પ્રસંગ યાદ કરો. **રામચંદ્રજી** જ્યારે વનવાસ જવા નિકળ્યા ત્યારે **દશરથરાજા ભરતને** રાજગાદી સોંપે છે, પણ ભરત ગાદી સ્વીકારતા નથી. **રામચંદ્રજી ભરત**ને આગ્રહ કરે છે ત્યારે **ભરત રામચંદ્રજી**ને કહે છે કે - 'આપ જે પિતાના પુત્ર છો તેમનો હું પુત્ર નથી? તમે જ્યારે પિતાશ્રીની આજ્ઞાનું પાલન કરવા રાજ્યનો પરિત્યાગ કરીને વનવાસ જઈ રહ્યા છો, તો હું વડીલ બંધુની હયાતિમાં રાજગાદી પર કયી રીતે બેસું? આ બે ભાઈ છે. ભાઈ એટલે ભાગીદાર. ન હોય ત્યાં ભય પેદા કરે તે ભાઈ. પણ આ ભાઈ એવા નથી. લાખની મિલકત તમે ભોગવો ત્યારે પાડોશી કાંઈ ન બોલે પણ ભાઈ દાવો માંડે. **રાજા દશરથે** જ્યારે **ભરત**ને ગાદી આપવા માટે **રામચંદ્રજી**ને પૂછ્યું ત્યારે **રામચંદ્રજીએ** કહ્યું કે - **પિતાજી!** આપે પૂછ્યું તે આપની કૃપા! પણ આપે મને પૂછવાની જરૂર નથી. આ તો આપ ભાઈને આપવા ઈચ્છો છો પણ આપ કદાપિ એક ચોપદારને પણ આપવા ઈચ્છો તો પણ આપી શકો છો

અને ત્યારે હું એનો પણ ચોપદાર થઈને ઊભો રહીશ. રાજ્ય આપનું, માલિક આપ, અને મને પૂછો એનું કારણ? આથી તો જગત એમ કહેશે કે **રાજા દશરથ**ને પણ પોતાનું રાજ્ય **ભરત**ને આપવા માટે **રામ**ને પૂછવું પડ્યું હતું - આથી મને તો ઉલટું દુઃખ થાય છે.

ભરત પણ રાજ્ય લેતા નહોતા. **દશરથના કુટુંબમાં** રાજ્ય નહિ લેવાની તકરાર હતી. રાજ્ય લે કોણ? એમને રાજગાદી પર બેસાડવા સમજાવવા પડતા હતા. આજના દીકરાઓને એથી ઉલટું સમજાવવું પડે એ દશા છે. **દશરથ**ના દીકરા રાજ્ય માટે લડે? પોતાની હયાતિમાં **ભરત** ગાદી ન લે માટે **રામચંદ્રજી** વનવાસ જાય છે. અયોધ્યાનો ત્યાગ કરી વનવાસ સ્વીકારે છે. બાપના વચન ખાતર દીકરા આટલું સહે એ ક્યારે બને? એ કોના દીકરા? **દશરથ**ના. આપણે કોના દીકરા? કહો કે આપણા બાપ **શ્રી જિનેશ્વરદેવ** ખરા કે નહિ? જ્ઞાનીએ કહેલી આ વાતો ઉપયોગી ખરી કે નહિ? શ્રી જિનેશ્વરદેવના અનુયાયી તરીકે આપણી ચોવીસે કલાકની કાર્યવાહી શી, એ વિચારો. હમણાં તો લગભગ બધી ક્રિયા ગઈ, ફક્ત એક પૂજા રહી હશે! આજે પૂજા પણ બધા જૈનો કરે છે કે કેમ એ પણ શંકા છે. હવે તો તિલક કપાળમાં હોય ત્યાં પણ પૂજા કર્યાની શંકા. તિલક તે જ કરે કે જે પૂજા કરતો હોય એવું આજે નથી. વિધિ છે કે કપાળમાં તિલક કર્યા સિવાય પ્રભુને અંગે તિલક ન થાય. પ્રભુની આજ્ઞા મસ્તકે ચડાવવાની ભાવના ન હોય તો તે પ્રભુના અંગને સ્પર્શવાને લાયક નથી. તિલક સારૂં થાય, વાંકુચૂંકૂ ન થાય તે કપાળની શોભા માટે નહિ પણ જેમ આજ્ઞા સુંદર છે તેમ તિલક સુંદર જોઈયે એ હેતુ છે. આજ્ઞાની જેમ તિલક પણ અખંડિત અને શાશ્વત જોઈએ. મસ્તકે ચડેલી આજ્ઞા ક્યારેય નીચી નજ નમે, એ વિચાર તિલક કરતાં થવો જોઈયે. એ વિચાર થાય તો જૈન કદી જિનપૂજન વિના ન રહે.

આજે તો બધા વિઘ્ન પૂજનમાં જ આવે છે. આજ્ઞા તરફ સદ્‌ભાવ જ નથી. તિલક કરનારો શ્રી જિનેશ્વરદેવની કામચલાઉ આજ્ઞા પણ ન જાણે, એ ચાલે? શ્રી જિનેશ્વરદેવની પહેલી આજ્ઞા એ છે કે - પાપ માત્રથી ડરવું. બીજી આજ્ઞા એ કે - કદી પાપ કરવું પડે તો એને શ્રી જિનેશ્વરદેવને નામે ન ચડાવવું અર્થાત્ એમની આજ્ઞાને બહાને ન કરવું; અને ત્રીજી આજ્ઞા એ કે પાપ કરતાં કંપવું. પ્રાણાતિપાતથી મિથ્યાત્વશલ્ય સુધી અઢારે પાપસ્થાનકથી કંપવું. આજે ઘણા લોકો નહાઈને પૂજા કર્યા વિના પણ તિલક કરે છે. બધા તિલક કરનારા પૂજા કરે છે કે કેમ એ પ્રશ્ન છે. એમને પૂછીએ કે તો પછી તમારામાં જૈનત્ત્વ ક્યાં છે? તો મારવા ઊઠે, અને કહે કે જૈનત્ત્વ તો અમારા અંતરમાં છે. એ કાંઈ બહાર બતાવવાની ચીજ નથી. જો એમ છે તો પછી ચાંલ્લો કેમ કરે છે? ત્યાં તો એ અધ્યાત્મની મોટી વાતો કરવા મંડી પડે. અને કહે કે - હૈયામાં જો ધર્મ હોય તો ગમે તેવી ક્રિયા કરવામાં, ગમે તેમ ખાવાપીવામાં કે ગમે તેમ વર્તવામાં વાંધો નથી. 'મન ચંગા તો કથરોટમેં ગંગા'. પોતાને કાંઈ કરવું નથી માટે આ રીતે બોલે છે. પોતાને ક્રિયા કરવી નથી માટે આ રીતે બોલે છે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને સમજેલો આત્મા આત્મશુદ્ધિની ક્રિયામાં કદી પ્રમાદી ન બને. કદી પોતાનાથી ન થઈ શકે તો એને આંખમાં આંસુ આવે પણ એ બચાવ ન કરે.

ત્રિકાળપૂજન, ઉભય ટંક આવશ્યક, વ્યાખ્યાનશ્રવણ, સામાયિકાદિ આજના જૈનો ધારે તો ન કરી શકે? ત્યાં ટાઈમ નથી એમ કહે તો વાતો કરવામાં, ઊંઘવામાં, ગપ્પાં મારવામાં કેટલો ટાઈમ જાય છે? રસ્તા વચ્ચે ઊભો રાખો તો બે કલાક ગપ્પાં મારે અને અહીં જ ટાઈમ ન હોય. મંદિરમાં જ ઉતાવળ કરે એ આજે દશા છે. જેના યોગે આ બધું મળ્યું, એને જ વિસરવું એ કૃતજ્ઞતા નથી; પણ કૃતઘ્નતા છે. એવા પર દુનિયાનો પણ વિશ્વાસ ન હોય. દુનિયામાં એ કોઈનું ભલું ન કરી શકે. શાસન પ્રભાવના કરનારાના જીવન જાણો છો? **વસ્તુપાળ, તેજપાળ**ના નામ લઈને આજના લોકો પોતાની વાતને આગળ ધરે છે. પણ એમણે શું કર્યું, એ ખબર છે? **વીરધવળ રાજા** બહુમાનથી એમને પોતાની રાજધાનીમાં લાવે છે. આસન ઉપર બેસાડી મંત્રીમુદ્રા આપે છે. મંત્રીમુદ્રા સ્વીકારતા પહેલા તેઓ રાજાને કહે છે કે - રાજન્! આપને અમારામાં વિશ્વાસ હોય અને અમારી શરત માન્ય હોય તો જ મંત્રીમુદ્રા આપો. અમારી શરતો એ છે કે - અમે પહેલી સેવા **શ્રી જિનેશ્વરદેવની** કરવાના, બીજી સેવા એ પરમાત્માની આજ્ઞાને અનુસરનારા નિર્ગ્રંથ ગુરુઓની કરવાના, ત્રીજી સેવા એ તારકની આજ્ઞાનું પાલન કરીશું અને ચોથું એ તારકોની આજ્ઞાને બાધ ન આવે તે રીતે આપની આજ્ઞાનું પાલન કરવાના. આ શરતો માન્ય હોય તો આ મંત્રીમુદ્રા અમને આપો એવી અમારી વિનંતિ છે. એ પુણ્યાત્માઓ મંત્રીમુદ્રા પર જીવતા ન હતા. આજે તો નોકરી માટે ભગવાનની પૂજા મૂકવા તથા રાત્રે ખાવા પણ તૈયાર! જ્ઞાની કહે છે કે પૂર્વનું પુણ્ય હશે ત્યાં સુધી જ શેઠ પણ નોકરીએ રાખશે, પુણ્ય ખૂટશે ત્યારે ગદ્ધામજૂરી કરવા છતાં શેઠ રજા આપી દેશે. ગૂના વિના પણ ગૂનાનો આરોપ આવશે. બીજાને લાખ આપશે અને તમને રજા આપશે. તારકની મહેરબાની છોડી સ્વાર્થી ઓની મહેરબાનીમાં જેઓ જીવન ગાળે છે તેઓ મરવા સરજાયેલા છે. દુનિયાના રાગી, સ્વાર્થી, પ્રપંચીઓની સેવા તથા મહેરબાની સ્વીકારાય છે તો ત્રણ લોકના નાથ શ્રી વીતરાગદેવની સેવા તથા મહેરબાની સ્વીકારવામાં કયું પાપ લાગે છે? બધાને જે સલામ ભરે તેને અહીં અક્કડાઈ આવે છે એ કોનો પ્રતાપ?

જાતિનો, ધર્મનો, કુળનો, મર્યાદાનો આજે ખ્યાલ નથી, એનો એ પ્રતાપ છે. જૈનજાતિમાં જન્મવું એ દુષ્કર છે. એ દુષ્કરપણું પામી ગયા. જન્મ્યાં ત્યાં કે જ્યાં અનાયાસે, અજાણપણે પણ **ભગવાન મહાવીરદેવની** માલિકી માથા પર આવી ગઈ, છતાં એ માલિકીની કીંમત ન સમજો અને એ માલિકી નીચેથી નીકળી જવાના પ્રયત્નમાં હો તો, અને ઈચ્છા મુજબ વર્તવા માગતા હો તો, પુણ્યોદયે પામી તો ગયા પણ પામેલાની નિષ્ફળતાથી

નહિ પામેલા કરતાં વધુ કમનશીબ કહેવાશો! પુણ્યવાન બનવાની ઈચ્છા છે કે કમનશીબ? ફરજના પાલન વિના એક પણ ચાંદ નહિ મળે, મળે તો નહિ ટકે અને ટકે તો એની કીંમત ગણાતી નથી. અમારી અને તમારી ફરજોમાં ભેદ છે. સાધુને માટે કહેલી આજ્ઞા ગૃહસ્થો ન પાળી શકે, એમ ઉપકારીઓએ જોયું અને તેથી આજ્ઞામાં ભેદ પાડ્યો. બેયને પોતપોતાને યોગ્ય આજ્ઞા ફરમાવી. પાળી શકો તેવી આજ્ઞા જ જ્ઞાનીઓએ ફરમાવી છે. શી રીતે પાળીએ? એવું તમે કહી શકતા નથી. પણ તમે એ આજ્ઞા જાણો તો ને? આજ્ઞા જાણો નહિ, આજ્ઞાનો અભ્યાસ જ કરો નહિ અને 'ન પળે' એમ કહો એ ચાલે? એ તમારી ખામી નથી? જૈન તરીકે શું થાય, શું ન થાય, શું બોલાય, શું ન બોલાય, એનો નિશ્ચય ન કરવો જોઈએ?

શ્રી મુનિસુંદરસૂરિ મહારાજા ફરમાવે છે કે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગમાં ધર્મ જ સારભૂત છે. મુક્તિ પણ એનાથી મળે છે અને અર્થ કામ પણ એને આભારી છે. તમને આ બંગલા-બગીચા મળ્યા એ તમારો પ્રતાપ નથી, તમને લોકો 'શેઠ-શેઠ' કહે છે એ તમારા મોંને નથી કહેતા પણ પૂર્વે કરેલો ધર્મ તમારી સાથે છે એનો એ પ્રતાપ છે. તમે શેઠ કહેવાઓ, તમને બંગલા મળ્યા, મોટર મળી, હમણાં ઘરે પહોંચશો ત્યાં પાટલા ગોઠવાયેલા હશે! આ બધું તમારા મોંને જોઈને મળે છે એવું મિથ્યાભિમાન નહિ કરતા. પૂર્વે આરાધેલા ધર્મનો જ એ પ્રતાપ છે. એજ ધર્મ તરફ આજે બેદરકારી બતાવાય છે, હમણાં ધર્મ કરવાની શી ઊતાવળ છે? એમ વાયદા થાય છે અને એ રીતે ધર્મને ઊંઠાં ભણાવાય છે.

આજે કેટલાક તો એમ બોલે છે કે - '**ભગવાનને** તથા **મહારાજને** હું સમજાવી આવ્યો. **મહારાજ**ને બે વાત એવી કહી કે **મહારાજ** ચૂપ થઈ ગયાં. **મહારાજે** એને કહ્યું હોય કે પૂજા કેમ કરતો નથી? તો પેલો કહે કે - 'તમે મારી હાલત જાણો છો? જાણ્યા વગર આપ ન કહો' આવો જવાબ મળવાથી **મહારાજે** એને નાલાયક જાણ્યો પછી ચૂપ ન થાય તો શું કરે?

આવા લોકો દેવને પણ સમજાવે છે. એ કહી દે છે કે - ભગવાનનું મંદિર બંધાવ્યું, લાખો ખર્ચ્યા, પ્રતિષ્ઠામાં પણ એટલા ખર્ચ્યા, ત્યારે બધાને જમાડ્યા પણ ખરા. હવે ભગવાન માટે શું કરવાનું બાકી રહ્યું? હવે તો એક પૂજારી રાખવાનો, રોજ સવારે લોટો પાણી ઢોળી ભગવાનને નહ્વરાવી-સાફ કરી જાય અને કેસર ચંદનના ચાંલ્લા કરી આરતિ ઊતારી જાય, પછી શું કરવાનું? સાધુ આવે તો લાવીને ઉપાશ્રયમાં બેસાડવાના, ખમાસમણા આપી રવાના થવાનું. ધર્મ માટે કહે છે કે - ઘરમાં એક કટાસણું-મુહપત્તિ રાખવાના. સંવત્સરીને દહાડે શોધીને પ્રતિક્રમણ કરી આવવાનું. આથી વિશેષ શું કરવાનું? આવાઓ પોતાની જાતને ઠગે છે. દેવ-ગુરુ-ધર્મ ઠગાય છે એમ ન માનતા. દેવ તો અનંતજ્ઞાની છે, સાધુ એ અનંતજ્ઞાનીની પૂંઠે ચાલનારા છે, આગમ ચક્ષુ છે અને ધર્મ ત્યાગમય છે, આ બધા ઠગાય? ઘણાં ગામનું પાણી પીનારા અને હજારોના પરિચયમાં આવનારા સાધુ તો સામાને એમની ભાષા, અને દેદોર પરથી પારખી લે છે. વેપારી જો ગ્રાહકને પારખે તો સાધુ શ્રાવકને ન પારખે? ભગવાન પાસે ગાય કે - 'તાર હો તાર પ્રભુ...' પણ ભગવાન એ ભક્તને બરાબર ઓળખે છે.

સાથીયામાં તમે સમજો છો? સાથીયો પણ બધા કરે છે? ત્યાં પણ વાંધા છે. સાથીયો કરનારને ત્યાગ-વૈરાગ્યની વાતમાં આનંદ થાય કે દુઃખ? શ્રી જિનેશ્વરદેવ એ સર્જન છે. સૌથી મોટા ચિકિત્સક છે. સાથીયો એ આપણો કેસ છે. બીજા ડોક્ટર તો કેસ દર્દીનો પોતે લખે. આ સર્જન તો કેસ પણ પોતે ન લખે. પણ દર્દી પાસે લખાવે છે. સાથીયો એ કાંઈ રમકડું નથી. જ્ઞાની તમને ઓળખે કે નહિ? તમે જે વિચારો મનથી કરો તે એ જાણે કે નહિ? એ જ્ઞાની ન સમજી શકે તેવા નથી. સાથીયામાં પહેલું ચિંતન ચાર ગતિનું કરો છો. દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારકી - આ ચાર ગતિમાં કયી જોઈયે છે? ત્યાંયે વાંધા છે. જાતે કેસ લખો ત્યાંયે ગોટાળા છે. પોતાની ફરજ ભૂલ્યા છે તેનું આ પરિણામ છે. ગુસ્સો ન કરતા. ખામી બતાવું છું. હું તમારી ખામી બતાવું, તમે મારી ખામી બતાવો. મારી ખામી જોવાની અને બતાવવાની તમનેય છૂટ છે. આપણે બેયને મોક્ષમાં જવું છે. બેયને **મહાવીરપ્રભુની** આજ્ઞા આરાધવાની છે. અમે ભૂલીએ તો તમે પણ રોકી શકો છો. અમે ખામી બતાવીને ખામી કાઢવા આવીએ છીએ, ગુણ ગાવા નથી આવતા. તમારા સારા કામ તરફ સદ્ભાવ થાય પણ જાહેરમાં પ્રશંસા ન કરીએ. અમારૂં કામ એ કે સારૂં હોય એમાં વધારો કરવો અને ખામી હોય તે સુધારવી.

સાથીયો કરનારા કહે છે કે 'હે ભગવન્! હવે તો આ ચાર ગતિમાં રખડી રખડીને થાક્યો છું. ઘડીમાં અહીં ને ઘડીમાં તહીં. જ્યાં ત્યાં જન્મવું અને મરવું. હવે તો એ એકપણ ગતિ જોઈતી નથી'. - આવું એ કહે છે. અહીં યાદ રાખો કે દેવગતિ ઘણાંને ગમી જાય છે. અને એ ગતિ ધર્મ પાસે માંગી તો તે આપશે જરૂર પણ પછી એ ધર્મ તમને સાચવશે નહિ. દેવગતિ પણ પરિણામે ભયંકર છે. દેવગતિની સાહ્યબીમાં રાચનારા-માણનારા પંચેંદ્રિય છતાં ત્યાંજ એકેંદ્રિયમાં ઉત્પન થાય છે. માટે એ માંગીને ન લેતા. એની મેળે મળે તો વાત જુદી છે. એની મેળે આવે તે આત્માને મૂંઝવતું નથી.

વ્યવહારમાં મોટા માણસ સાથે મેળ રાખો. સલામ ભરો, ચાહ-પાણી પાઓ અને પછી કાંઈ કામ બતાવો તો એ મોટો આદમી તમારા માનપાન તથા ચાહને એ જ હેતુ માટે સમજી લે અને પોતે ડાહ્યો હોય તો એક વખત તો તે કામ કરે પણ પછી તમને તકસાધુ ગણી તમારા માનપાન અને ચાહપાણીને ઈચ્છે નહિ. પણ એ જ્યારે તમને પૂછે ત્યારે તમે 'મહેરબાની' એટલો જ ઉત્તર વાળો તો તમે આપત્તિમાં આવો એવી એને ખબર પડે ત્યારે એ વાત એના જાણવામાં આવતા જ એ વગર કહ્યે મદદ કરવા આવી ઊભો

રહેવાનો. શાસ્ત્ર કહે છે કે ધર્મ પાસે મુક્તિ સિવાય કશું મંગાય નહિ. વગર માગે પણ મુક્તિ ન મળે ત્યાં સુધી ધર્મ તમારી સગવડ સાચવવાનો જ.

તમે અમુક શેઠને ત્યાં જન્મ્યા તે નક્કી કરીને જન્મ્યા હતા? એ વ્યવસ્થા બધી ધર્મે જ કરી છે. એ બધી સગવડ ધર્મ પોતે જ સાચવે તો માંગવાનું કામ શું? સાથીયો કરનારા આ રીતે ચાર ગતિનો ચૂરો માંગી દર્શન-જ્ઞાન-ચારિત્રની માંગણી કરી ત્રણ ઢગલી કરે છે. એક એક ક્રિયા એવી છે કે એના હેતુ રીતસર વિચારાય અને ક્રિયા કરાય તો એના સંબંધી કદી ગેરસમજુતિ ન થાય. ગળથુથીમાંજ આવા ઉત્તમ સંસ્કાર રેડાય ત્યાં કમીના રહે? નાનું બાળક પણ સમજાવો તો સમજે એવી આ વાત છે. તે પણ સમજ્યા પછી બોલે કે 'હે દેવ! આ ચાર ગતિમાં ભટકી રહેલા મને તેમાંથી બચાવી દર્શન-જ્ઞાન-ચારિત્ર આપી મુક્તિએ પહોંચડો? દર્શન-જ્ઞાન-ચારિત્રમાંથી એક પણ ઓછું ચાલે? કહો કે - 'ન ચાલે.'

સો કમાનારને ઈચ્છા તો લાખ કમાવાની હોય, મેળવવા મહેનત પણ કરે અને મળે તો લઈ પણ લે ને? તેમ અહીં પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈચ્છવા, મેળવવા મહેનત કરવી અને મળી જાય તો લેવા - ચારિત્ર મળી જાય તો લેવા ઈનકાર ન કરતા, પણ અહોભાગ્ય માનજો. રસ્તામાંથી હીરો મળી જાય તો નારાજ થાઓ? ધૂળથી મેલો થયેલો હોય તો પણ લો ખરા ને? છોકરો પણ લઈ આવે તો હોંશિયાર કહો ને? 'કોને પૂછીને લઈ આવ્યો?' એમ કહો ખરા? હીરાનું તો દૃષ્ટાંત છે. કહેવાનો ધ્વનિ સમજો. આગળ હું નહિ બોલું. તમે ત્યાં હીરાને સારો અને કીમતી માન્યો છે, માટે એનો દાખલો આપ્યો છે. અહીં પણ ચારિત્રને સારૂં માનો છો ને?

દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા હવે માંગવાનું શું? હવે નજર નીચે ન જાય પણ ઉપર જાય. એટલે મુક્તિ માંગવાની. અમે (સાધુ) કમ્પાઉન્ડર છીએ - તમારા નહિ પણ શ્રી જિનેશ્વરદેવના. તમે કેસ લઈને આવો તો બીજું શી રીતે આપીએ? ડોક્ટરની લખેલી દવામાં કમ્પાઉન્ડર ફેરફાર કરે અને પકડાય તો? દર્દી મરી જાય અને કમ્પાઉન્ડર ડીસમીસ થાય અને સજા ભોગવે. એને માટે **'નાલાયકાતનો'** શેરો મરાય. કમ્પાઉન્ડરને કોઈ કહે કે - દવાના પૈસા તો અમે આપીયે છીએ માટે અમારા કહેવા મુજબ દવા આપ, તો એ આપે? કદી ન આપે. એ કહે કે મને પગાર ડોક્ટર આપે છે, મારે આજ્ઞા ડોક્ટરની જ માનવાની, તમારી નહિ.

અમે પણ કમ્પાઉન્ડર **શ્રી જિનેશ્વરદેવના.** આ પાટે બેસવામાં અમારે માથે મોટી ફરજ છે. એ અદા કરવાની તાકાત ન હોય તો અમારે ઊઠી જવું પડે. તમે કયે નાતે અહીં અમને બેસાડ્યા? જે દેવ થઈ ગયા એમની આજ્ઞામાં રહેનારા છીએ એમ ધારીને બેસાડ્યા ને? નહિ તો બેસાડત? મારા માથે એ ફરજ કે - તમારી શરમમાં નહિ આવવાનું. તમે માંગો તે નહિ આપવાનું, આ આગમ કહે તે આપવાનું, નહિ તો અહીંથી ઊઠી જવાનું. તમે સાંભળવાની ના પાડો તો સંભળાવવાનું બંધ કરીએ. તમે માનવાની ના પાડો તો તમારી મરજી. તમે ચાલ્યા જવાનું કહો તો ચાલ્યા જઈએ. અમે સ્વાધીન નથી પણ પરાધીન છીએ. એ પરાધીનતા અમે રાજીખુશીથી સ્વીકારી છે. એ અમારે માટે વિધિ છે - બંધન નથી. એ પરાધીનતા અમારા માથે કોઈએ ઠોકી બેસાડી નથી. સંઘ વચ્ચે ઓઘો હાથમાં લઈ નાચીને એ પરાધીનતા અમે સ્વીકારી છે. એ ગુલામીમાં અમે કલ્યાણ માન્યું છે. નહિ તો માથાના વાળ ખેંચી કાઢવા અને ભીખ માંગીને ખાવું એ કોઈને ગમે? એ આજ્ઞામાં કલ્યાણ લાગ્યું માટે અહીં આવ્યા.

જેને ભગવાન મહાવીરની આજ્ઞા ન ગમે તે સાધુ પણ નથી, શ્રાવક પણ નથી. તમને ગુસ્સો આવતો હોય તો ભલે; પણ લાગે કે સીધા વાળી શકાય તેમ નથી તો ત્યાં જે રીતે કહેવાથી લાભ થાય તેમ લાગે તે રીતે કહું. અમુકનો એવો ગુણ કે તે દરમાં જ સીધા ચાલે. પોતાના શબ્દની જેને કિંમત ન હોય તે એલફેલ બોલે. એને ફરજ સમજાવવાનો ઉપાય કયો? તમે અને અમે ફરજથી બંધાયેલા છીએ. અમારે કપડામાં અને તમારે ચાંલ્લા માત્રમાં ફરજ નથી. સારભૂત તો એક ધર્મ જ છે. અર્થકામ તો વગર માગે મળશે. એ કદી માગતા નહિ. એ મળી જાય તો ફસાયેલા માનજો. મળેલા બંગલાથી ક્યારે છૂટાય, એજ ભાવના રાખજો. જૈનશાસનમાં બંગલાને કેદખાના મનાય છે, કુટુંબીઓ બંધન મનાય છે. છેવટે બધાને માટે અને બધી વસ્તુઓ માટે કહેવું પડે છે કે આ કોઈ મારા નથી અને આમાંનું કાંઈ મારૂં નથી. તો જે મરતાં કહેવું પડે તે જીવતાં કહેવામાં ડહાપણ છે. મરતાં દીનતાથી મૂકવું પડે એના કરતાં જીવતાં બહાદુરીથી મૂકવામાં ડહાપણ છે. જય, શ્રી અને લક્ષ્મી ધર્મ પ્રભાવે જ મળે છે પણ એ મંગાય નહિ. જ્ઞાની આ ઉપદેશ ભવ્ય જીવોને આપે છે. ભવ્ય એટલે મુક્તિની અભિલાષાવાળા જીવો. ઉદ્યમ જે કરો તે ધર્મ માટે જ કરો જેથી સુખ હથેળીમાં આવે અને સાહ્યબી દાસી થાય.

ધર્મ કેમ થાય, તેના ભેદ-પ્રભેદ વગેરે વિશેષ હવે પછી -

(ક્રમશઃ)

Shri Prabhavak Jinvani (Gujarati-monthly), Publisher : Shri Jinvani Pracharak Trust, 59, Bank of India Bldg., 2nd Floor, 185, Sheikh Memon Street, Mumbai-400 002. Editor : Shah Dilip Hargovinddas (Gheewala), printed at M/s. Meghart Color Crafts, 42, Ideal Ind. Estate, Mathuradas Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400 013. The owner and the trust do not have any tie up/collaboration with any foreign organization.